
البلاغ

AL-BALAG MONTHLY

# જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

## માસિક

**ઓકટોબર**

માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

પેજ નં. -૧

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| મુનાફિકોને મોહલત.. | ૬ |
| મઆરિફુલ હદીસ | ૯ |
| અલ્લાહ પાસે દુનિયાની હકીકત | ૧૪ |
| આઝાદીના સશસ્ત્ર સંઘર્ષો | ૧૮ |
| મસ્જિદ, એકતા – સહકારનું કેન્દ્ર | ૨૦ |
| અસબાબ અને ખુદા પર ભરોસો | ૨૨ |
| ચેપી રોગચાળામાં સાવચેતીના પગલાં | ૨૪ |
| ઝકાતના ત્રણ પાસાં | ૨૯ |
| વસતી વધારાનો હાઉ | ૩૦ |
| એક વિશેષ દુઆ | ૩૧ |
| ફતાવા વિભાગ | ૩૨ |
| બોધકથા | ૩૫ |
| Benefits of Fajr Prayer | ૩૬ |
| છેલ્લા પાને | ૩૮ |


સુફયાન સૌરી રહ. ફરમાવે છે

જયારે તમને કોઈ નેકીનો ઈરાદો થાય અને દિલમાં શોખ જાગે તો જલદી કરો અને એ નેકીનું કરી જ લ્યો. આ અલ્લાહ તઆલાનું ઈનામ છે. એમાં મોડું ન કરો, કયાંક એવું ન થાય કે શયતાન આડે આવી જાય અને તમને નેકીના કામથી રોકી લે.


# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

ઓકટોબર– ૨૦૨૦ ઈ.

સફર –૧૪૪૨ હિ.

વર્ષ – ૨૦, અંક – ૮

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

## દુઆએ મગફિરત

પાછલા દિવસોમાં ભરૂચ ખાતે વેલફેર હોસ્પિટલના પ્રમુખ અને સામાજિક કાર્યકર, મરહૂમ જનાબ મુહમ્મદ ભાઈ ફાંસીવાલાના સુપુત્ર જનાબ સલીમભાઈ ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.. મરહૂમ સ્વભાવે મિલનસાર અને નેકલિદલ વ્યકિત હતા. સમાજ અને કોમનું હિત – દર્દ એમના હૈયે વસેલું હતું. એમની વફાત જિલ્લાના મુસ્લિમ સમાજ માટે મોટું નુકસાન છે. અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. સગાઓને સબ્ર – અજ્ર આપે અને એમની સેવાઓને કુબૂલ ફરમાવીને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

મુળ દેવલાના અને ભડકોદ્રા ખાતે ઈમામત અને મુદર્રિસ તરીકે સેવા આપતા નેકદિલ આલિમ અને બુઝુર્ગ હસ્તી જનાબ મવલાના ગુલામ સાહેબ રહ. પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. મરહૂમ મવલાના રહ. યુવાન વયેથી જ ભડકોદ્રા ખાતે ઈમામત અને મકતબના બાળકોને દીની તાલીમની સેવા આપતા હતા. ભડકોદ્રા અને જંબુસર તાલુકામાં આપ રહ.ને સન્માનની નજરે જોવામાં આવતા હતા. પાછલા દિવસોમાં એમને જંબુસર હોસ્પિટલે લાવવામાં આવ્યા અને સારવાર હેતુ એમને ઉઠવા – બેસવાની મનાઈ કરવામાં આવી તો પ્રથમ સવાલ એમણે નમાઝ માટે કર્યો અને કહેવા લાગ્યા કે સમજણો થયો છું ત્યાર પછી આ પહેલો મોકો છે કે મારી નમાઝ કઝા થઈ રહી છે. અલ્લાહુ અકબર ! અલ્લાહ તઆલા મવલાના રહ.ની મગફિરત ફરમાવે. એમની ખિદમતોને કુબૂલ ફરમાવીને સદકએ જારિયહ બનાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે.

દેવલા ખાતે ગામના આગેવાન અને સજ્જન વ્યકિત હસનભાઈ શોભારંભ પણ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. સગાઓને સબ્ર આપે. અને મરહૂમને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

જંબુસર ખાતે જનાબ નઝીર ભાઈ કોરાવાલા તેમજ હનીફભાઈ કોરાવાલા... જનાબ નઝીરભાઈ મુન્શીના વાલિદ હાજી મુહમ્મદ મુન્શી સાહેબ અને જનાબ અબ્દુસ્સમદ કાવીવાલાના અહલિયહ મુહતરમહ પણ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ.. અલ્લાહ તઆલા મરહૂમીનની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસ અતા ફરમાવે. આમીન. વાચકોને પણ મરહૂમીન માટે દુઆએ મગફિરતની દરખાસ્ત છે.

*તંત્રી લેખ ...*

દુનિયાને બનાવનાર સર્જનહારે એના અસ્તિત્વને ટકાવી રાખવા અને નિરંતર આગળ વધવા માટે અમુક કુદરતી નિયમો પણ એમાં લાગુ કર્યા છે. સૃષ્ટિના સંચાલનમાં આ નિયમોનું પાલન કોઈ આંખે જોઈ શકતું નથી. એને લાગુ કરનાર કોઈ જાહેર શકિત પણ નજર આવતી નથી, પણ દિવ્ય દષ્ટિ ધરાવનાર લોકો, બુદ્ધિવાનો અને કોમોની ચડતી – પડતી વિશે અભ્યાસ કરનાર ઈતિહાસકારો આ બધું સારી રીતે સમજે છે. કુદરતના આ નિયમોમાં એક મહત્વનો નિયમ ન્યાય છે. એટલે કે દુનિયાની યોગ્ય વ્યવસ્થા અને એના કુદરતી સ્વાસ્થ્ય માટે આવશ્કય છે કે લોકો પરસ્પર ન્યાયથી રહે. અત્યાચાર, અન્યાયનો એટલો બધો અતિરેક ન થાય કે કુદરતે નક્કી કરેલ વ્યવસ્થા પડી ભાંગી હોય એવું લાગે....

જયારે જયારે પણ કોઈ રાજા, સુલતાન, કે સત્તાધારીએ સત્તાના અહંકારમાં અન્યાયની હદો વટાવી દીધી તો ઈતિહાસ સાક્ષી છે કે એ સત્તા અને એના બધા સહયોગીઓને કુદરત બરબાદ કરી દે છે. ઈમામ રાઝી, ઈબ્ને તયમિયહ અને અન્ય મુસ્લિમ વિદ્વાનોએ લખ્યું છે કે અલ્લાહ તઆલા આ દુનિયામાં એની નાફરમાની એટલે કે કુફ્રને તો બરદાશ્ત કરી લે છે, પણ આ દુનિયામાં પોતાની મખ્લૂક સાથે ઝુલમ અને અન્યાયને બરદાશ્ત નથી કરતા અને ઝાલિમને ઘણો જલદી સબક શીખવાડે છે.

આજકાલ આખી દુનિયામાં અનેક સત્તાઓ દરમિયાન મહાસત્તા બનવાની અને પોતાની ધાક જમાવવાની હોડ લાગી છે. એકવાર પોતાના ઝુલમના ફળો ચાખી ચુકેલું રશિયા ફરી પાછું આગળ આવવા માંગે છે. અંદર ખાને પડી ભાંગ્યા છતાં અમેરિકા પોતાની ધાક જમાવવા હવાતિયાં મારી રહયું છે. સઉદી અરબના રાજકુમાર, ભારતના મહારાજા, ઈરાનના આયતુલ્લાહ, ચીનના સર્વેસર્વા... વગેરે નેતાઓ પોતાની સત્તાની ધાક જમાવવા નીકળ્યા છે. અને એના માટે બધા જ નૈતિક – અનૈતિક, ખરા – ખોટા અસબાબ અપનાવી રહયા છે. આ બધા વચ્ચે કોઈ એક ખોટી – ખરાબ બાબતે સમાનતા હોય તો એ 'બનાવટ' છે. એટલે કે દરેક દેશ અને એનો વડો પોતાના દેશમાં અને બહાર પણ પોતાની પબ્લીસિટી, પર્સનાલિટી અને ધાક બેસાડવા માટે

બનાવટી રીતો – તરીકાઓ અપનાવે છે. હવે તો વિશ્વભરમાં આ માટે પૈસા લઈને પરદા પાછળ રહીને કામ કરતી એજન્સીઓ હાયર કરવામાં આવે છે.

અમારા મતે વર્તમાન વિશ્વની આ એક 'બદી' ઘણી જ ખતરનાક છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દરેક વિષયે પહેલાં બનાવટી વાતાવરણ ઉભું કરવામાં આવે છે અને પછી પોતાનો ધ્યેય પાર પાડવામાં આવે છે.

બનાવટની આ દુનિયામાં વાસ્તવિકતા છુપાય જાય છે, અથવા છુપાવી દેવામાં આવે છે. દરેક દેશમાં દેખાતી જાહેરી પ્રગતિ અને ચમક – દમક પાછળ ગરીબી અને બદહાલીની એવી ભયાનક સ્થિતિ છે કે આપણે કલ્પના પણ ન કરી શકીએ.

લોકશાહી દેશોમાં દર ચાર – પાંચ વરસે સત્તા બદલાય છે, સત્તાધારીઓ બદલાય છે, આટલા નાના સમયના આવા સત્તાધીશો પણ એવી રીતે વર્તે છે જાણે તેઓ સદા સત્તા ઉપર જ રહેવાના હોય ! તો પછી ૬૦ – ૭૦ વરસ જીવનાર માણસને કેવી રીતે આપણે સમજાવી શકીએ કે આ દુનિયામાં સદા રહેવાનું નથી, એટલે થોડું સંભાળીને જીવો, રહમ કરો, ઝુલમ ન કરો, અન્યાય – અત્યાચાર ન કરો.

ટુંકમાં કહીએ તો માનવીના દિલમાંથી રહેમ, દયા, ન્યાય, અન્યો પ્રત્યે સમભાવ અને સહઅસ્તિત્વના વિચારો જ ખતમ થઈ ગયા છે.

સ્વાર્થ અને મતલબની બની ગયેલ આ દુનિયાને હવે ઈસ્લામ થકી જ માર્ગદર્શન મળી શકે એમ છે. પણ ઈસ્લામી શિખામણ અને સંસ્કારને અન્યો સુધી પહોંચાડવા માટે મુસલમાનોએ આગળ આવીને પોતે ઉદાહરણ પુરું પાડવું પડશે. ભારતીય મુસલમાનો આ બાબતે ઘણું કરી રહયા છે, પાછલા દિવસોમાં લોકડાઉનમાં જે રીતે મુસલમાનોએ લોકોને સહાય કરી એ ઈસ્લામી તાલીમની એક આછી ઝલક છે. આવા પ્રયાસોનું વર્તૂળ મોટું કરવાની સાથે એને વધારે વ્યવસ્થિત કરવાની જરૂરત છે. આવા પ્રયાસોમાં એકબીજાને નીચા દેખાડવા કે પાછળ પાડવાના બદલે સહાય અને સહકારની રીત અપનાવીને કામ કરવાની જરૂરત છે. ભારતના અનુસંધાનમાં જોઈએ તો વર્તમાન સ્થિતિને વધારે ખરાબ ન થવા દઈએ અને એમાં થોડો ઓર સુધારો કરી લઈએ તો ભવિષ્ય ઘણું ઉજળું હશે. ઈન્શાઅલ્લાહ.

————————————

## હઝ. મવ. મુફ્તી અબ્દુલ્લાહ રવિદ્રવી રહ.

પાછલા દિવસોમાં હઝરત મવલાના મુફ્તી અબ્દુલ્લાહ રવીદ્રવી સાહેબ રહ. ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહી વ ઈન્નાઈલયહિ રાજિઉન.

આપ રહ.એ જામિઅહ ડાભેલથી તાલીમની શરૂઆત ફરમાવી હતી, શરૂથી જ ઘણા હોશિયાર હતા. પછી મઝાહિર સહારનપૂર ગયા. ત્યાંથી તાલીમ પૂરી કરીને ફલાહે દારૈન તડકેશ્વરમાં તાલીમી સેવા શરૂ ફરમાવી. હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી રહ.ના માર્ગદર્શન–સરપરસ્તી અને પોતાની ખુદાદાદ કાબેલિયતની બરકતથી આપ રહ. કામ્યાબ મુદર્રિસ તરીકે ઓળખાવા લાગ્યા. થોડા વરસો પછી આપ રહ.એ હાંસોટ ખાતે એક નવા મદરસાની બુનિયાદ નાખી અને તાલીમ શરૂ ફરમાવી. આપ રહ.ની કાબેલિયત અહિંયા પણ ઝળકી ઉઠી અને મદરસો થોડા જ વરસોમાં 'જામિઅહ મઝહરે સઆદત' તરીકે ખ્યાતિ પામ્યો.

આપ રહ. વિશાળ – ઊંડું જ્ઞાન – ઈલ્મ ધરાવતા હતા. સંસ્થાના સફળ સંચાલક પણ હતા. અને ખરી રીતે એક સફળ મુરબ્બી, ઘડવૈયા અને કેળવણીકાર પણ હતા. પોતે સ્થાપેલ મદરસામાં આપ રહ.ની આ સઘળી કાબેલિયતોથી કામ લેતા હતા. આપ રહ. પાસે કેળવણી પામેલ અનેક આલિમો આજે મોટા વિદ્વાન તરીકે ઓળખાય છે, આ વિદ્વાનો આપ રહ.નો સદકએ જારિયહ છે.

પાછલા અમુક વરસોથી આપ રહ. કોમની નાકદરીના કારણે એક ખોટા કેસના કારણે આજમાયશમાં હતા અને પાછલા અનેક બુઝુર્ગોની જેમ જીવનના છેલ્લા વરસો જેલમાં રહેવા – સહેવાની મુસીબત ઉઠાવી રહયા હતા. જેલમાં જવું ઉલમા અને વિદ્વાનો માટે કોઈ નવી વાત નથી. વર્તમાન ઈસ્લામી – દીની સાહિત્યના અનેક લેખકો અને મોટા ઈમામોને અલ્લાહ તઆલાએ જેલની આજમાયશમાં નાખીને તપાવ્યા હતા. મુફતી સાહેબ રહ.એ દુનિયાની આ આજમાયશ પણ સારી રીતે પસાર કરી લીધી. અલ્લાહ તઆલા એમના દરજાત બુલંદ ફરમાવે. એમની ઈલ્મી – અમલી સઘળી ખિદમતોને કુબૂલ ફરમાવીને સદકએ જારિયહ બનાવે. મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. સગાઓને સબ્રે જમીલ અતા ફરમાવે.

---

# મુનાફિકોને ઢીલ - મોહલત આપવા અને એમની ઓળખ છુપાવવાની ખુદાઈ હિકમત

—મુફતી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحيم

وَلَا يَحْزُنْكَ الَّذِيْنَ يُسَارِعُوْنَ فِي الْكُفْرِ ۚ
اِنَّهُمْ لَنْ يَّضُرُّوا اللّٰهَ شَيْـًٔا ۭ يُرِيْدُ اللّٰهُ اَلَّا
يَجْعَلَ لَهُمْ حَظًّا فِي الْاٰخِرَةِ ۚ وَلَهُمْ عَذَابٌ
عَظِيْمٌ ﴿۱۷۶﴾ اِنَّ الَّذِيْنَ اشْتَرَوُا الْكُفْرَ بِالْاِيْمَانِ
لَنْ يَّضُرُّوا اللّٰهَ شَيْـًٔا ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۷۷﴾
وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ كَفَرُوْٓا اَنَّمَا نُمْلِيْ لَهُمْ خَيْرٌ
لِّاَنْفُسِهِمْ ۭ اِنَّمَا نُمْلِيْ لَهُمْ لِيَزْدَادُوْٓا اِثْمًا ۚ
وَلَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ﴿۱۷۸﴾ مَا كَانَ اللّٰهُ لِيَذَرَ
الْمُؤْمِنِيْنَ عَلٰي مَآ اَنْتُمْ عَلَيْهِ حَتّٰى يَمِيْزَ
الْخَبِيْثَ مِنَ الطَّيِّبِ ۭ وَمَا كَانَ اللّٰهُ
لِيُطْلِعَكُمْ عَلَي الْغَيْبِ وَلٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ مِنْ
رُّسُلِهٖ مَنْ يَّشَاۗءُ ۠ فَاٰمِنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖ ۚ وَاِنْ
تُؤْمِنُوْا وَتَتَّقُوْا فَلَكُمْ اَجْرٌ عَظِيْمٌ ﴿۱۷۹﴾

તરજમહ : અને (હે નબી સલ.!) કુફ(ના કામો)માં દોડી પડનાર લોકો (કયાંક) તમને ગમગીન ન કરે. બેશક, તેઓ અલ્લાહનું કંઈ બગાડી શકશે નહિ. અલ્લાહ ચાહે છે કે એમના માટે આખિરતમાં કોઈ સારો હિસ્સો રાખે જ નહીં, અને અમના માટે ઘણો મોટો અઝાબ હશે. (૧૭૬) બેશક જે લોકોએ ઈમાનને બદલામાં કુફ વહોરી લીધું તેઓ પણ અલ્લાહનું કંઈ બગાડી શકશે નહિ, અને એમના માટે દર્દનાક અઝાબ છે. (૧૭૭) અને કાફિર લોકો હરગિઝ એમ ન સમજે કે અમે જે કંઈ મોહલત એમને આપીએ છીએ તે એમના માટે લાભદાયી છે. (બલકે) અમે તો એમને એટલા માટે ઢીલ આપીએ છીએ કે તેઓ ગુનાહોમાં વધતા રહે, અને એમના માટે અપમાનજનક અઝાબ છે. (૧૭૮) અલ્લાહ એવું નહીં કરે કે મોમિનોને એ જ સ્થિતિમાં રહેવા દે, જેમાં તમે (મોમિન – મુનાફિક ભેગા) છો, જ્યાં સુધી કે નાપાકને પવિત્રથી અલગ ન તારવી લે. અને અલ્લાહ એવું પણ નહીં કરે કે તમને ગૈબની જાણકારી આપી દે, પરંતુ અલ્લાહ તઆલા પોતાના રસૂલોમાંથી ચાહે તેને પસંદ કરી લે છે, માટે તમે અલ્લાહ અને તેના રસૂલો ઉપર ઈમાન લાવો અને જો તમે ઈમાન લાવશો અને તકવો અપનાવશો તો

તમારા માટે ઘણો વધારે સવાબ છે. (૧૭૯)

તફસીર : પ્રથમ ત્રણ આયતોમાં ઉહદ પછીની એક વિશેષ ચિંતાજનક સ્થિતિ વિશે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને તસલ્લી અને ભરોસો આપવામાં આવ્યો છે. ઉહદમાં મુસલમાનોના પક્ષે નુકસાન વધારે થયું તો મદીનાના મુનાફિક લોકો તુરંત પલટી મારીને મુસલમાનોથી દૂર થઈ ગયા અને શત્રુ કાફિરો સાથે જઈ મળ્યા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમ પણ મુનાફિકો બાબતે ચિંતામાં રહેતા હતા. એટલે અલ્લાહ તઆલાએ આપને ખાતરી આપી કે એમના પ્રપંચોથી ઈસ્લામને કંઈ નુકસાન નહીં થાય. એમને એમના અમુક સદકાર્યોના ફળસ્વરૂપ રાહત – સવલતના અસબાબ દુનિયામાં જ એટલા માટે આપી દેવામાં છે કે આખિરતમાં એમને કંઈ મળવાનું નથી. આખિરતમાં તો એમને આકરી સજા જ મળશે. આ લોકો ઈમાનના રસ્તે ચાલવાના બદલે કુફ્રના રસ્તે ચાલીને ખુદાના દુશ્મનોની મદદ કરવા માંગતા હોય તો એમણે સમજી લેવું જોઈએ કે તેઓ અલ્લાહ તઆલાને અને એના દીન – ઈસ્લામને કોઈ નુકસાન કરી શકશે નહીં. ઉલટાનું દુનિયાની આ નાફરમાનીના કારણે આખિરતમાં દર્દનાક અઝાબ મળશે. હાલ પુરતા તેઓ આરામ – રાહત અને માલ – દોલતમાં રાચતા હોય તો એમણે એમ ન સમજવું અલ્લાહ તઆલા જ એમના ઉપર મહેરબાની કરીને માફ કરી રહયા છે અને મોહલત આપી રહયા છે, બલકે આ મોહલત તો એટલા માટે છે કે તેઓ વધારે ગુનાહો કરે અને એમના પાપોનો હિસાબ વધારે લાંબો થાય, જેથી એમને વધારે આકરો અને અપમાનજનક અઝાબ આપવામાં આવે.

ઉપરની આયતોમાં અલ્લાહના નાફરમાનો અને કાફિરોને આપવામાં આવતી રાહતોની એક મસ્લેહતનું વર્ણન હતું તો હવે આગળની આયતમાં મુસલમાનોને જે મુસીબતો અને પરેશાનીઓ ભોગવવી પડે છે એની હિકમત અને ફાયદાનું વર્ણન છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે નિખાલસ મુસલમાનો અને મુનાફિકોની કસોટી અને પરખ કરવા માટે દુખ અને મુસીબતના સંજોગો ઉભા કરવામાં આવે છે, જેથી મુનાફિકો અને ખોટા લોકોની ઓળખ કરી શકાય.

આયતમાં આગળ અલ્લાહ તઆલા ફરમાવે છે કે એમ તો અમે આવા મુનાફિક એટલે કે જાહેરમાં પોતાને મુસલમાન બતાવનાર અને અંદરથી મુસલમાન ન હોય એવા લોકોના સ્પષ્ટ નામો બતાવીને પણ એમને અલગ તાળવી શકીએ છીએ, પણ એ ખુદાઈ કુદરતની વ્યવસ્થા અને હિકમત પ્રમાણે યોગ્ય નથી, એટલે એમ નથી કરતા.

દિલોની હાલત અલ્લાહ તઆલા તો જાણે છે, લોકો નથી જાણી શકતા, અલ્લાહ તઆલા આવા દિલથી કાફિર પણ ઉપરથી મુસલમાનો હોય એવા લોકોના નામ બતાવી દેત તો પણ આવા લોકો એમ કહેત કે અમે તો સાચા મુસલમાન છીએ, અથવા એમ કહી દેત કે અમે હવે પાકા મુસલમાન બની ગયા છીએ અને આમ એમને અલગ કરવા કે અલગ સમજવા મુશ્કેલ બાબત બની જાત, પણ મુસીબત અને તકલીફની કસોટી દ્વારા એવા સંજોગો ઉભા કરવામાં આવ્યા કે તેઓ પોતે જ મુસલમાનોનો સાથ છોડી જાય, અને એમની ઓળખ છતી થઈ જાય.

આગળ અલ્લાહ તઆલા ફરમાવે છે કે આવી ગૈબની અને છુપી વાત અમે દરેક સામે જાહેર કરતા નથી, અલબત્ત અમારા નબીઓને નક્કી કરીને એમને આવી અમુક જરૂરી વાતો બતાવીએ છીએ. જેથી તે નબીઓ પોતે અને પોતાની ઉમ્મતની આવા લોકોના પ્રપંચોથી હિફાજત કરી શકે. માટે અન્ય લોકોએ આવા મુનાફિક લોકોના નામો જાણવાની ફિકરમાં રહેવાના બદલે અલ્લાહ અને એના રસૂલની વાતો ઉપર અમલ કરવામાં લાગ્યા રહેવું જોઈએ. આ ઈમાન અને તકવાના બદલામાં ઘણો મહાન સવાબ અલ્લાહ તઆલા પાસેથી મળશે.

મઆરિફુલ કુરઆનમાં મુફતી મુહમ્મદ શફીઅ સાહેબ રહ. ફરમાવે છે કે, આયતનો મતલબ એવો નથી કે આવી જરૂરી ગૈબની વાતો નબીઓને જણાવવાથી નબીઓ પણ અલ્લાહ તઆલા સાથે જેમ ઈલ્મે ગૈબમાં સમાન અને સરીખા – શરીક હોય. ઈલ્મે ગૈબ તો અલ્લાહ તઆલાની જ સિફત છે, અને એમાં કોઈને પણ અલ્લાહ તઆલા સાથે સમાન કે શરીક સમજવું શિર્ક છે. નબીઓને અલ્લાહ તઆલા જે કંઈ ગૈબની વાતોની જાણકારી આપે છે એ વાસ્તવમાં તે 'ઈલ્મે ગૈબ' નથી જે અલ્લાહ તઆલાની આગવી સિફત છે, બલકે કુરઆનના શબ્દો મુજબ આ બધું 'ગૈબની ખબરો' (أنبــاء الغيــب) છે, જેના વિશે કુરઆનમાં જ અનેક જગ્યાએ અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે નબીઓને અમે ગૈબની ખબરો જણાવીએ છીએ, જેની મદદથી તેઓ એમની ઉમ્મતમાં દીનની તાલીમ અને તબ્લીગ કરી શકે.

અલ્લાહ તઆલાની વિશેષ સિફત 'ઈલ્મે ગૈબ'ની બે ખાસિયતો છે. (૧) તે ઈલ્મ ઝાતી એટલે કે પોતીકું હોય, કોઈ બીજા થકી મળ્યું ન હોય. (૨) આ ઈલ્મ અને જાણકારીમાં સઘળી સૃષ્ટિ, ભુતકાળ, ભવિષ્ય અને દરેક પ્રકારનું ઈલ્મ આવી જાય. એક નાનકડા કણ વિશેનું ઈલ્મ પણ રહી ન જાય.

આ બે ખાસિયતો સાથેનું ઈલ્મ 'ઈલ્મે ગૈબ' કહેવાય છે, અને એ ફકત અલ્લાહ તઆલાની જ સિફત છે.

———————————————————————

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૪૭

**મય્યત પર જોર જોરથી રડવું અને માતમ કરવો**

કોઈના મૃત્યુ પર તેના સગા સંબંધીઓનું ગમમાં ડુબી જવું અને તેના પરિણામે આંખોથી આંસુ નિકળવા તેમ બે કાબુ થઈ રડવું અને તેના ચિન્હો જાહેર થવા પ્રાકૃતિક વાત છે. અને એ તેના દિલમાં મહોબ્બત તેમ લાગણી હોવાની નિશાની છે. જે માનવતાનો એક અણમોલ અને ઉમ્દા ગુણ છે. જેથી શરીઅતે તેના પર પ્રતિબંધ નથી મુકયો, બલ્કે એક રીતે તેને સારૂ ઠેરવી તેને બિરદાવ્યું છે. પરંતુ કપડાં ફાડવા ત્થા માતમ કરવો અને જાણીબુજી તેના પર રડવું છાતી કુટવી વિગેરેની ઘણી જ સખત મનાઈ કરી છે. સૌ પ્રથમ તો એટલા માટે કે એ અબ્દિય્યતના સ્થાનથી અને અલ્લાહની મરજી મુજબ રાજી રહેવાના વિરૂદ્ધ છે. બીજુ એટલા માટે કે અલ્લાહે મનુષ્યને અકલ અને સમઝ જેવી અણમોલ નેઅમત અર્પણ કરી છે. અને આવા અજુગતા બનાવોને સાચવવાની જે શકિત આપી છે. રડવું અને માતમ કરવું તે નેઅમતની નાશુક્રી છે. બીજુ તેનાથી પોતાના અને બીજાઓના ગમ અને દુ:ખમાં વધારો થાય છે. અને વિચારવા સમઝવાની શકિત હણાય જાય છે. તે સિવાય માતમ અને રડવું મય્યત માટે પણ તકલીફનું કારણ બને છે.

(٣١٦) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رضـ قَالَ اِشْتَكٰى سَعْدُ بْنُ عُبَادَةَ شَكْوٰى لَهٗ فَاَتَاهُ النَّبِىُّ ﷺ يَعُوْدُهٗ مَعَ عَبْدِ الرَّحْمٰنِ بْنِ عَوْفٍ وَسَعْدِ بْنِ اَبِىْ وَقَّاصٍ وَعَبْدِ اللّٰهِ بْنِ مَسْعُوْدٍ فَلَمَّا دَخَلَ عَلَيْهِ وَجَدَهٗ فِىْ غَاشِيَةٍ فَقَالَ قَدْ قُضِىَ؟ قَالُوْا لَا يَارَسُوْلَ اللّٰهِ فَبَكَى النَّبِىُّ ﷺ فَلَمَّا رَأَى الْقَوْمُ بُكَاءَ النَّبِىِّ ﷺ بَكَوْا فَقَالَ اَلَا

تَسْـمَعُوْنَ اِنَّ اللّٰهَ لَا يُعَذِّبُ بِدَمْعِ الْعَيْنِ وَلَا بِحُزْنِ الْقَلْبِ وَلٰكِنْ يُعَذِّبُ بِهٰذَا وَاَشَـارَ اِلٰى لِسَـانِـهٖ اَوْ يَـرْحَمُ وَاِنَّ الْمَيِّتَ لَيُعَذَّبُ بِبُكَاءِ اَهْلِهٖ عَلَيْهِ(البخاری ومسلم)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)એક વાર બીમાર થયા તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) હઝરત અ.રહમાન બિન ઔફ, હઝરત સઅદ બિન અબી વક્કાસ, અને હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.) સાથે તેમની ખબર લેવા પધાર્યા, જયારે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ઘરમાં પ્રવેશ્યા તો તેમને "غاشيه "માં એટલે ઘણી ખરાબ હાલતમાં જોયા (અથવા આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેમની આજુ બાજુ લોકોની ભીડ લાગેલી જોઈ) તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : ઈન્તિકાલ થયો? (આ વાત આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેમની હાલતથી ના ઉમ્મીદ થઈ પોતાના અંદાજાથી કહી અથવા જે લોકો પહેલેથી ત્યાં હાજર હતા તેમને પુછવા માટે કહી, તે લોકોએ અરજ કરી નહીં હઝરત! હજુ ઈન્તિકાલ તો નથી થયો, તો હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને (તેમની હાલત જોઈ) રડવું આવી ગયું, જયારે બીજા લોકોએ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને રડતા જોયા તો તેઓ પણ રડવા લાગ્યા, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું લોકો! સારી રીતે સાંભળી લો, અલ્લાહ તઆલા આંખના આંસુ અને દિલના દુઃખ દર્દ પર સજા નથી આપતો (કારણ કે તેના પર બંદાનો કાબુ નથી) અને જીભ તરફ ઈશારો કરી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું પરંતુ આ જીભના (ખોટા ચાલવા પર, એટલે મોઢેથી રડવા પર સજા આપે છે. અને (ઈન્ના લિલ્લાહ પઢવા પર ત્થા દુઆ ઈસ્તિગ્ફાર કરવા પર) રહમત પણ ઉતારે છે. અને આ પણ હકીકત છે કે મૈય્યિતના ઘરવાળાઓના રડવાથી મય્યતને અઝાબ થાય છે. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– આ હદીષનો અસલ સંદેશ તો એ જ છે કે કોઈના મૃત્યુ પર રડવું કકડવું ન જોઈએ. તે અલ્લાહના ગુસ્સા અને અઝાબનું કારણ છે. બલ્કે "ઈન્ના લિલ્લાહ" અને દુઆ ઈસ્તિગ્ફારના એવા શબ્દો પઢવામાં આવે, અને એવી વાતો કરવામાં આવે જે અલ્લાહની રહમત અને તેની મહેરબાનીનો

વસીલો બને, આ હદીષમાં ઘરવાળાઓના રડવાથી મય્યતને અઝાબ થવાનો ઉલ્લેખ પણ છે. આ વાત હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી હઝરત ઈબ્ને ઉમર (રદિ.) સિવાય તેમના પિતા હઝરત ઉમર (રદિ.) અને અમૂક બીજા સહાબા (રદિ.)થી પણ રિવાયત કરવામાં આવી છે. પરંતુ હઝરત આયશા (રદિ.) અને તેમની સાથે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) પણ તેનાથી ઈન્કાર કરે છે.

સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં હઝરત આયશા સિદીકા (રદિ.)નું બયાન છે કે જયારે તેમની સામે હઝરત ઉમર (રદિ.) અને તેમના પુત્ર હઝરત ઈબ્ને ઉમર (રદિ.)ની આ વિષેની હદીષ નકલ કરવામાં આવી તો તેમણે ફરમાવ્યું બેશક તે બંને બુઝુર્ગો સાચા છે પરંતુ એ વિશે તેમની ભુલ થઈ છે. અથવા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની વાત સાંભળવા અને સમઝવામાં તેમની ભુલ થઈ, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ આ વાત ફરમાવી નથી.

હઝરત આયશા (રદિ.)એ એ વિષે કુર્આનની આયત " وَلَا تَزِرُ وَازِرَةٌ وِزْرَ أُخْرَىٰ " થી પણ દલીલ લીધી છે. તેણી ફરમાવે છે કે આ આયતમાં એ કાયદો અને ઉસૂલ બયાન કરવામાં આવ્યો છે કે કોઈ માણસના ગુનાહની સજા બીજાને આપવામાં આવશે નહીં, પછી એ કેવી રીતે બની શકે કે રડે ઘરવાળા અને તેની સજા બિચારા મરનારને આપવામાં આવે.

પરંતુ હઝરત ઉમર (રદિ.) અને અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)એ જેવી રીતે આ વાત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી નકલ કરી છે. તેનાથી સ્પષ્ટ જણાય છે કે તેમણે ન તો ભુલ કરી છે, અને ન તો તેમનાથી ભુલ થઈ છે, બીજી બાજુ હઝરત આયશા (રદિ.)ની દલીલ પણ મજબૂત છે. એટલા માટે હદીષ વેત્તાઓએ હદીષની બંને વાતોમાં વિરોધાભાસ દૂર કરવાના પ્રયત્નો કર્યા છે. અને તેના ખુલાસાની વિવિધ રીત અપનાવી છે. તેમાંથી એક જે વધુ પ્રચલિત અને સમઝમાં આવે તેવી એ છે કે હઝરત ઉમર (રદિ.) અને ઈબ્ને ઉમર (રદિ.)ની હદીષોનો સંબંધ તે હાલત સાથે છે જયારે ઘરવાળાઓના રડવામાં મરનારની ભુલો અને ગફલત શામેલ હોય, દાખલા રૂપે તે જાતે જ રડવા કકડવા અને માતમ કરવાની વસિય્યત કરી ગયો હોય,

જેમકે અરબોમાં તેનો રિવાજ હતો, અથવા ઓછામાં ઓછું એ કે ઘરવાળાઓને રડવા કકડવાથી તેણે કયારેય રોકયા નથી. ઈમામ બુખારી (રહ.) એ જાતે સહીહ બુખારીમાં એ જ ખુલાસો કરી વિરોધાભાસ દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે.

એક બીજો ખુલાસો એ પણ છે કે જયારે મય્યતના ઘરવાળા તેના પર રડે છે અને જાહિલોના રિવાજો મુજબ તે મરનારની કારકીર્દીનું વર્ણન કરી તેને આકાશ પર ચઢાવે છે તો ફરિશ્તા મરનારને કહે છે, કેમ જનાબ તમે એવા હતા ? આ વાત અમૂક હદીષોમાં પણ છે.

અહીંયા આ બાબતે માત્ર આટલું જ લખવું યોગ્ય જણાયું જે આલિમો આનાથી વધુ ખુલાસો અને વિગત મેળવવા ઈચ્છે તેઓ "ફત્હુલ્મુલ્હિમ" શર્હે સહીહ મુસ્લિમનું વાંચન કરે, તેમાં એ મસ્અલા પર વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

યાદ રાખશો કે હઝરત સઅદ બિન ઉબાદહ (રદિ.) જેમની ભયંકર બીમારીનો આ હદીષમાં ઉલ્લેખ છે. એ બીમારીથી સારા થઈ ગયા હતા. તેમનું અવસાન હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પછી એક રિવાયત મુજબ હઝરત સિદ્દીક (રદિ.)ના અને બીજી રિવાયત મુજબ હઝરત ફારૂક (રદિ.)ના યુગમાં થયું હતું.

(٣١٧) عَنْ اَبِى بُرْدَةَ قَالَ اُغْمِيَ عَلٰى اَبِى مُوْسٰى فَاَقْبَلَتْ اِمْرَاَتُهٗ اُمُّ عَبْدِ اللّٰهِ تَصِيْحُ بِرَنَّةٍ ثُمَّ اَفَاقَ فَقَالَ اَلَمْ تَعْلَمِىْ وَكَانَ يُحَدِّثُهَا اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ قَالَ اَنَا بَرِئٌ مِمَّنْ حَلَقَ وَصَلَقَ وَخَرَقَ۔ (رواه البخارى ومسلم واللفظ لمسلم)

તરજુમો:– હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.)ના પુત્ર અબૂ બુરદહથી રિવાયત છે કે એક વાર અબૂ મૂસા (રદિ.) (બીમાર થયા અને તેઓ) બેહોશ થઈ ગયા ત્યારે તેમની પત્નિ ઉમ્મે અબ્દુલ્લાહ જોરથી અને અવાઝ તાણી રડવા લાગ્યા, પછી અબૂ મૂસા (રદિ.) સભાન થયા અને હોશમાં આવી ગયા, તો તેમણે (પોતાની પત્નિને) ફરમાવ્યું શું તમને ખબર નથી કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું છે કે જે કોઈ (મૃત્યુ અને ગમીના સમયે) માથું મુંડાવે અથવા બુમ બરાડા કરે, કપડાં ફાડે, (અને જાહિલિયતના રિવાજો મુજબ ગમ અને માતમનો દેખાવ કરે) તો હું તેનાથી બરી અને બે

તઅલ્લુક છું, અબૂ બુરદહ કહે છે કે અબૂ મૂસા (રદિ.) આ હદીષ તેમની પત્નિને સંભળાવ્યા કરતા હતા. (બુખારી, મુસ્લિમ)

(٣١٨) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُوْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَيْسَ مِنَّا مَنْ ضَرَبَ الْخُدُوْدَ وَشَقَّ الْجُيُوْبَ وَدَعٰى بِدَعْوىٰ الْجَاهِلِيَّةِ۔ (رواه البخاری)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જે કોઈ (ગમી અને મૃત્યુ સમયે) પોતાના ગાલ પર તમાચા મારે, અને મોં કુટે, કપડાં ફાડે, અને જાહિલિયતની રીત મુજબ હાય વાવેલા કરે તે અમારામાંથી નથી. (એટલે અમારા તરીકા પર નથી)(બુખારી, મુસ્લિમ)

***<u>દુઆએ મગફિરત</u>***

અલબલાગમાં પ્રકાશિત થઈ રહેલ નિયમિત લેખમાળા મઆરિફુલ હદીસ ગુજરાતી અનુવાદના અનુવાદક મરહૂમ જનાબ હઝ. મવલાના યાકૂબ બારીવાલા રહ.ના અહલિયહ, જામિઅહના શુભેચ્છક જનાબ હાશિમભાઈના વાલિદહ મોહતરમહ પાછલા દિવસોમાં યુ.કે. ખાતે ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

મુળ ઈસ્લામપૂરના રહેવાસી અને હિંગલોટ ખાતે સ્થાયી જામિઅહના હમદર્દ જનાબ હાફેજ સાદિક મૂસા સાહેબ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા કરે.

જામિઅહના હમદર્દ જનાબ ઈનાયત ભાઈ પાછલા દિવસોમાં આછોદ ખાતે ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા કરે.

અમેરિકા સ્થાયી જામિઅહના હમદર્દ અને શુભેચ્છ નેકદિલ આલિમ જનાબ મવ.મુફતી અ. સત્તાર આછોદી સાહેબના ભાઈ અને ફૂવા પાછલા દિવસોમાં આછોદ ખાતે ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા મરહૂમીનની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે અને સગાઓને સબ્ર – અજ્ર અતા ફરમાવે. આમીન.

# અલ્લાહ તઆલા પાસે દુનિયાની હકીકત

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ • *મુફ્તી ફરીદ અહમદ કાવી*

એક હદીસ શરીફમાં છે કે, અલ્લાહ તઆલા ફરમાવે છે : મોમિનોના ગભરાય જવાનો (એટલે કે અન્યોને ઘણી રાહત અને પોતાને તકલીફમાં જોઈને વધારે પરેશાન થવાનો) ખોફ ન હોત તો હું ખુદાના ઈન્કાર કરનાર કાફિરો ઉપર લોઢાની પટ્ટીઓ લગાવી દેત. જેથી એમને કોઈ દુખ દર્દ થાય જ નહીં અને દુનિયા પાણીની જેમ એમના ઉપર વહાવી દેત. (દુર્રે મન્સૂર)

અને આ બધું એટલા માટે છે કે દુનિયા અલ્લાહ તઆલા માટે ઘણી તુચ્છ વસ્તુ છે. એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જો અલ્લાહ તઆલા પાસે દુનિયાની કદર એક મચ્છરની પાંખ જેટલી પણ હોત તો કાફિરને પાણીની એક બુંદ પણ આપવામાં ન આવત. (દુર્રે મુખ્તાર, તિરમિઝી)

એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કયાંક જઈ રહયા હતા, રસ્તામાં એક બકરીનું મરેલું બચ્ચું પડેલું જોયું. એના કાન પણ ન હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કોઈ માણસ આ બચ્ચાને એક દિરહમમાં ખરીદવા તૈયાર છે? સહાબા રદિ.એ અરજ કરી કે આ તો મરેલું બચ્ચું છે, કોઈ મફતમાં પણ નહીં લે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : અલ્લાહ તઆલા પાસે દુનિયા એના કરતાં વધારે તુચ્છ વસ્તુ છે. (મિશ્કાત/મુસ્લિમ શરીફ)

આ બધી હદીસોથી ખબર પડી કે અલ્લાહ તઆલા પાસે દુનિયાની ઝરા પણ કિમત – કદર નથી. અને કાફિરોનું ધ્યેય ફકત દુનિયા જ હોય છે, એટલે એમને એમની મરજી મુજબ એમની નેકી – સદકાર્યોનો બદલો દુનિયામાં જ આપી દેવામાં આવે છે. મુસલમાન ઈસ્લામના કારણે આખિરતની કામ્યાબીનો હકદાર બને છે, ચાહે તે કેટલો ગુનેગાર કેમ ન હોય ? ગુનાહોની સજા

ભોગવ્યા પછી પણ આખરે તે જન્નતની નેઅમતોથી ફાયદો ઉઠાવશે જ. માટે એના ગુનાહો – બદઆમાલીની સજા સ્વરૂપે આ દુનિયાના ફિત્નાઓ અને મુસીબતોનમાં સપડાય છે. અને ગુનાહો છતાં જો દુનિયામાં એના ઉપર મુસીબતો ન આવે તો એ વધારે ખતરનાક બાબત છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જયારે તમે જુઓ કે કોઈ માણસ ગુનાહો કરવા છતાં દુનિયાની નેઅમતો મેળવી રહયો છે, તો આ અલ્લાહ તઆલાની ઢીલ છે. પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ આયત પઢી :

فَلَمَّا نَسُوا مَا ذُكِّرُوا بِهِ فَتَحْنَا عَلَيهِمْ أَبوَابَ كُلِّ شيئٍ حتّىٰ إِذَا فَرِحُوا بِمَا أُتُوا أَخَذْنَاهُمْ بَغْتَةً فَإِذَا هُمْ مُبْلِسُونَ

તરજમહ : પછી જયારે તેઓ એમને કરવામાં આવેલ નસીહત ભૂલી ગયા તો અમે ઉપર દરેક વસ્તુના દરવાજા ખોલી દીધા, (ઘણી નેઅમતો આપી) ત્યાં સુધી કે એમને આપવામાં આવેલ વસ્તુઓ (નેઅમતો) ઉપર તેઓ ઘમંડી બની ગયા (અને મસ્તીમાં એમના ગુનાહો ઓર વધી ગયા) તો અમે પછી એમને અચાનક પકડી લીધા, અને ત્યારે તેઓ માયૂસ થઈ ગયા.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : મોમિનનું ઉદાહરણ ખેતીની જેમ છે, હવાઓ એને આમથી તેમ ઝુકાવ્યા કરે છે, મોમિનને પણ આવી રીતે તકલીફો પહોંચતી રહે છે, અને મુનાફિકનું ઉદાહરણ ચિનારના ઝાડ જેવું છે. હવાઓથી એને કંઈ થતું નથી, પણ આખરે એ જડથી ઉખડી જાય છે. (મિશ્કાત/બુખારી – મુસ્લિમ)

આ ઉપરાંત ઘણી હદીસોથી સ્પષ્ટ રીતે માલૂમ પડે છે કે દુનિયામાં કાફિરોથી કામ્યાબીનો સબબ અલ્લાહ તઆલા તરફથી એમને આપવામાં આવતી ઢીલ પણ છે અને એમના નેક કામો પણ છે. કાફિર વ્યકિત કે સમુહ જે કોઈ નેક કામ કરશે એની સફળતા વધતી રહેશે. અને એમની નાની મોટી ભૂલો બાબતે અહિંયા કોઈ પકડ નહીં થાય. અને મુસલમાનની નાની ભૂલો – ગુનાહો ઉપર પણ પકડ થશે. માટે મુસલમાન માણસો કે એમના સમુહોમાં જેટલા ગુનાહો થશે, એટલી જ પરેશાનીઓ, ચિંતાઓ, મુસીબતો અને અપમાનો વધતા રહેશે. એનાથી બચવાની એક જ રીત છે, અને ગુનાહોથી પોતે બચવા અને બચાવવાની કોશિશ છે.

**મોમિન સાથે મુસીબતો લાગેલી જ રહે છે.**

હદીસ શરીફમાં છે કે મુસીબતો મોમિન સાથે લાગેલી જ રહે છે. એના પોતાની જાતમાં, માલમાં, અવલાદમાં, અને આ મુસીબતોના ફળ સ્વરૂપ તે એવી સ્થિતિમાં મરે છે કે એના ઉપર કોઈ ગુનો બાકી નથી રહેતો. (મિશ્કાત, તિરમિઝી શ.)

બીજી એક હદીસમાં છે કે જયારે અલ્લાહ તઆલા કોઈની સાથે ભલાઈનો ઈરાદો ફરમાવે છે તો દુનિયામાં જ એની સજા પતાવી દે છે, અને જયારે કોઈની સાથે (એના બુરા આમાલના વધારે હોવાને કારણે) બુરાઈનો ઈરાદો કરે છે તો એના ઉપરથી દુનિયાની મુસીબતો હટાવી લે છે, જેથી કયામતમાં એનો હિસાબ પૂરો કરવામાં આવે. (મિશ્કાત, તિરમિઝી શ.)

અલબત્ત કાફિરો ઉપર દુનિયામાં જે મુસીબતો આવે છે એ અત્યાચારો વધી જવાને કારણે આવે છે, અથવા ગુનાહો – પાપાચાર જયારે છેલ્લી હદે પહોંચી જાય, અથવા નબીઓ સાથે અપમાન અને અનાદરનો વર્તાવ કરવામાં આવે, તો આવી સૂરતોમાં ઢીલ નથી આપવામાં આવતી, બલકે સામુહિક અઝાબ નાઝિલ કરવામાં આવે છે. કુરઆન શરીફમાં જેટલી કોમોને બરબાદ કરવાના કિસ્સા વર્ણવવામાં આવ્યા છે, એનાથી આ જ પૂરવાર થાય છે. સરકારો અને સલતનતની પડતી અને હારની જે ઘટનાઓ ઈતિહાસના પૃષ્ઠોમાં છે, એ પણ દલીલ છે કે જયાં અને જયારે કોઈ કોમમાં અત્યાચારો વધી ગયા, ત્યારે અલ્લાહના દરબારમાં મઝલૂમની હિમાયતનો ફેસલો કરવામાં આવ્યો. એટલે જ અલ્લાહ તઆલા ફરમાવે છે : હું મઝલૂમની બદદુઆ સાંભળું છું, ચાહે તે કાફિર કેમ ન હોય. માટે સમજી લેવું જોઈએ કે અમીરો, વઝીરો, હાકેમો અને માલદારો, જે કોઈ પણ પોતાના તાબા હેઠળના લોકો ઉપર ઝુલ્મ કરે છે, તે વાસ્તવમાં ગરીબો ઉપર ઝુલ્મ નથી કરતા, બલકે પોતાના ઉપર ઝુલ્મ કરે છે, અને પોતાની બરબાદીનો સામાન પોતાના હાથોએ તૈયાર કરી રહયા છે. ચાહે પછી તે વ્યકિતગત અત્યાચાર હોય, કે સામુહિક – કોમી અન્યાય હોય, એ પોતાનો રંગ દેખાડીને જ રહે છે. આવા લોકો જયારે અલ્લાહ તઆલાના બદલામાં સપડાય છે ત્યારે રડતા ફરે છે. અહિંયા આ બાબતે વધુ વિગત લખવાનો મોકો નથી. અને આ બાબતને વધારે સમજાવવાની જરૂરત નથી કે સલતનતો, સત્તાઓ અને મોટી કોમોની બરબાદી

અને પડતી આ જ કારણે થાય છે. ઈતિહાસના પાનાઓમાં આ વિગત ભરપૂર રીતે મોજૂદ છે. મારે અહિંયા એક બાબતની તાકીદ કરવી છે કે મુસલમાનો અને કાફિરોની પ્રગતિના અસબાબ અલ્લાહ તઆલાએ અલગ અલગ બનાવ્યા છે. દરેક વસ્તુમાં એમ સમજી લેવું કે જે વસ્તુ કાફિરો માટે પ્રગતિનો સબબ છે એ જ મુસલમાનો માટે પણ પ્રગતિનું પગથિયું છે, અને જે વસ્તુ એમને નુકસાન નથી કરતી એ મુસલમાનોને પણ નુકસાન નહીં કરે... ઈસ્લામથી નાદાની છે. ખુદા અને રસૂલના માર્ગદર્શનથી અજ્ઞાનતા છે.

આ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે કાફિરો માટે ગુનાહોની સજા માટે અસલ સ્થળ આખિરત છે, અને કદી કદી કોઈ હિકમત મુજબ આ દુનિયામાં પણ સજા આપી દેવામાં આવે છે, એમની જે ખૂબીઓ હોય, જે સદકાર્યો તેઓ કરે છે, એનો બદલો રબ્બુલ આલમીનના ન્યાય પ્રમાણે એમને જરૂર મળે છે, અને તે આ જ દુનિયામાં મળી જાય છે. આખિરતમાં કંઈ નથી મળતું. અને આમ થવું જ એમના માટે યોગ્ય છે, કારણ કે તેઓ આખિરતને માનતા જ નથી, તો પછી આખિરતનો સારો બદલો એમને કેવી રીતે આપવામાં આવે ? અને આખિરતના ઈન્કારની સજા પણ આખિરતમાં એમને મળવી જોઈએ, એટલે જ અલ્લાહ તઆલા ફરમાવે છે :

وَ قِيۡلَ لَهُمۡ ذُوۡقُوۡا عَذَابَ النَّارِ الَّذِىۡ كُنۡتُمۡ بِهٖ تُكَذِّبُوۡنَ (سجدہ، ع :۲)

તરજમહ : અને એમને કહેવામાં આવશે કે આગનો તે અઝાબ ચાખો જેને તમે જૂઠો કહીને નકારતા હતા.

કુરઆન શરીફમાં અનેકવાર આ બાબતનું વર્ણન છે. કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

"અને જે દિવસે કાફિરોને જહન્નમના નજીક લાવવામાં આવશે અને એમને કહેવામાં આવશે કે તમે તમારા શોખ – મજાની વસ્તુઓ દુનિયામાં મેળવી ચુકયા છો, અને એનો લાભ ઉઠાવી ચુકયા છો, માટે આજે અપમાનજનક અઝાબની સજા આપવામાં આવશે, કારણ કે તમે દુનિયામાં કોઈ કારણ વગર અભિમાન કરતા હતા અને એટલા માટે પણ કે તમે પાપ આચરતા હતા. (અહકાફ, રૂકુઅ:૨)

———————————

# ભારતમાં અંગ્રેજોથી આઝદી માટેના સશસ્ત્ર સંઘર્ષો

૧૦ મે, ૨૦૦૭ના સંસદના મધ્યસ્થ ખંડમાં હિન્દુસ્તાનની આઝાદીની પહેલી લડાઈની યાદગારના પ્રસંગની ઉજવણી થઈ. આ ઐતિહાસિક અવસરે રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ, વડાપ્રધાન મનમોહનસિંહ અને સોનિયા ગાંધી (યુ.પી.એ.ના ચેરમેન), વિરોધ પક્ષના નેતા લાલકૃષ્ણ અડવાણી, કેન્દ્રિય પ્રધાનો, લોકસભાના સ્પીકર સોમનાથ ચેટરજી, ડેપ્યુટી સ્પીકર ચરણજીત સિંહ અને રાજય સભાના ડેપ્યુટી ચેરમેન કે. રહમાન ખાન ઉપસ્થિત હતા. ઉપરાષ્ટ્રપતિ ડો. ભૈરવસિંહ શેખાવતનું ભાષણ થઈ રહ્યું હતું, જેનાથી (પણ) એવી જ છાપ ઉભી થતી હતી કે, ૧૮૫૭માં સ્વતંત્રતા કાજે પ્રથમ સંઘર્ષ થયો. આ ભાષણ દરમ્યાન ડેપ્યુટી સ્પીકર ચરણજીત સિંહ અટવાલે દખલગીરી કરી અને કહ્યું કે, ૧૮૫૭થી પેહલા ૧૮૪૫માં શીખો અને અંગ્રેજો વચ્ચે યુધ્ધ થયું હતું માટે આ પ્રસંગે ઐતિહાસિક ઘટનાનો ઉલ્લેખ પણ જરૂરી છે.

અકાલીદળના મિ.રતનસિંહ અને મિ.વિરેન્દ્રસિંહે એનું ભરપુર સમર્થન કર્યુ. આ દખલગીરીથી રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિત આખુ 'ગૃહ' સ્તબ્ધ બની ગયું. આ તે તબક્કો હતો જયારે ઉપરાષ્ટ્રપતિ ભૈરવસિંહ શેખાવત ન તો વાતને રદિયો આપી શકતા હતા ન સમર્થન કરી શકતા હતા.

ડેપ્યુટી સ્પીકર ચરણજીતસિંહ અટવાલે સત્યનો એક દીવડો પેટાવી દીધો કે, આઝાદી કાજેનું યુધ્ધ ૧૮૫૭થી પેહલાં જ શુરૂ થઈ ચુકયું હતું. આ શીખ પ્રજાને તો પોતાનો ઈતિહાસ યાદ છે. તેમણે પોતાના જ્ઞાન મુજબ વાત કરી દીધી. પરંતુ અફસોસ તો એ વાતનો છે કે, આ પુરેપુરા 'હાઉસ'માં એક પણ ઈતિહાસનો અભ્યાસી એવો ન હતો, જે આ ખોટા ઈતિહાસનો 'કિબ્લહ' સીધો કરત ! અને થોડાક સાચા વાકયો ઉચ્ચારત !

આઝાદી કાજે સશસ્ત્ર સંઘર્ષ ૧૮૫૭ થી ઘણા પહેલાં શરૂ થઈ ચુકયો હતો અને અનેક નાની મોટી લડાઈઓ લડાઈ ચુકી હતી. અને સ્વભાવિક રીતે જ દેશના વિવિધ પ્રદેશોમાં સત્તા ધરાવતા મુસલમાન શાસકો જ એમાં આગળ હતા. દેશના ઘણા રજવાડાઓ પોતાની સત્તા અને શોખ સાચવી રાખવા ખાતર અંગ્રેજો સાથે સમાધાન કરતા હતા, એમને સાલિયાણું ભરતા હતા ત્યારે અંગ્રેજો સામે બાથ ભીડવાની હિમ્મત કરનાર અમુક તમુક શાસકોમાં મુસલમાનો શાસકો મોખરે હતા. આપણે આજે પણ જોઈ શકીએ છીએ કે મુસલમાન નવાબો કે શાસકોના રજવાડાઓ, જમીનો, મહેલો વગેરેની માલિકી ધરાવતા કેટલા ખાનદાનો છે અને અંગ્રેજો સાથે સમાધાન કરીને દેશને ગુલામીમાં ધકેલનાર અન્ય મહારાજાઓની સંપત્તિઓ થકી આજે પણ એમના ખાનદાનો પોતાને મહારાજ સમજે છે.

થઈ શકે છે કે, બીજા કેટલાક ઈતિહાસકારો પણ એવું જ માનતા હોય કે, ૧૮૫૭માં મેરઠથી લઈ દિલ્હી સુધી ચાલેલો સંઘર્ષ એ આઝાદી કાજેનું પહેલું સશસ્ત્ર સંઘર્ષ હતું, મારી જાણ મુજબ આ વાત સહુથી પેહલા મિ. સાવરકરે કરી હતી અને તેમણે મુસ્લિમોએ ભજવેલ પાઠની પ્રશંસા કરી હતી.

સાચું એ છે કે, ૧૮૫૭ના યુધ્ધને આઝાદી કાજેની પહેલી લડાઈ ઠેરવવું સચ્ચાઈ નથી, એને ઈતિહાસનું 'રાજકીય સંપાદન' તો કહી શકાય, પણ ઐતિહાસિક વાસ્તવિકતા સાથે એને લેશમાત્ર સંબંધ નથી. અંગ્રેજો સાથે સહુથી પહેલો કાયદેસરનો સંઘર્ષ અલી વરદીખાને બંગાલમાં ૧૭૫૪માં કર્યો હતો. આ ૧૮૫૭ની લડાઈ ( જેના માટે આપણે અંગ્રેજોએ શીખવાડેલ શબ્દ 'બળવો' વાપરીએ છીએ ! ) પણ મેરઠ (યુ.પી.)થી નહી, કલકત્તાથી શુરૂ થઈ હતી, પછી મેરઠ પહોંચી, હા એવું કહી શકાય કે એ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સૈન્ય સામે સહુથી મોટી વ્યવસ્થિત લડાઈ હતી.

# મસ્જિદ : એકતા અને સહકારનું કેન્દ્ર

મસ્જીદ દ્વારા લોકો કેવી રીતે પારસ્પરિક એકતા સંગઠનમાં પરોવાય છે, તેનું એક ઉદાહરણ આપણે જોઈએઃ સામાન્ય રીતે મસ્જીદના બાંધકામનો ખર્ચ આબાદીના મુસલમાનો ભેગા મળી ઉઠાવે છે અને એની વ્યવસ્થા કરે છે, મસ્જીદ બનવા બાદ એની દેખભાળ અને અન્ય વ્યવસ્થામાં પણ બધા મુસલમાનો સહભાગી હોય છે. મસ્જીદ કમીટી ગામના લોકોની સવલત, સહુલત અને તેમની સલાહ, સૂચનાના આધારે કામ કરે છે, ઈમામ, મુઅઝિઝન અને અન્ય કામદારો બધાની સહમતી દ્વારા જ નક્કી થાય છે અને દરેકના ખર્ચ નિભાવની ઝિમ્મેદારી પણ બધા ભેગા મળી ઉઠાવે છે.

આનાથી સ્પષ્ટ થાય છે કે ફકત દુન્યવી રીતેપણ મુસલમાનોને સંગઠિત કરવા માટે મસ્જીદ કેટલો મહત્વનો ભાગ ભજવે છે.

આ ઉપરથી સમજી શકાય છે કે ભેગા મળી મસ્જીદમાં નમાઝ પઢવાથી શું શું લાભો મળી શકે છે.

નમાઝ સિવાય પણ અન્ય ઘણા કામો છે, જે દીન પણ છે અને માનવીના જીવનનો એક ભાગ પણ છે, આ બધા કાર્યો પણ મસ્જીદ દ્વારા અંજામ આપી શકાય છે, જેમ કે નિકાહની મજલિસ મસ્જીદમાં રાખવી બેહતર છે, નિકાહ અલ્લાહની ઈબાદત પણ છે, માટે મસ્જીદમાં થવા જ બેહતર છે. મસ્જીદમાં નિકાહ રાખવાથી ઘણા કુરિવાજો,બુરાઈઓ ગેરજરૂરી વાતોથી બચી શકાય છે.

અન્યોની નકલમાં ઘરે ઢોલ– નગારાં, વરઘોડો વગેરે રિવાજો મુસલમાનોમાં પણ ઘર કરી ગયા છે. જેનાથી નિકાહ જેવી મહાન સુન્નત ગુનાહોનો સબબ બની જાય છે, ભપકા–રૂઆબ અને લોકોમાં વાહ વાહ ખાતર લોકો શરીઅતની મર્યાદાઓ ઓળંગી જાય છે. આ બધાથી બચવાનો સરળ ઉપાય મસ્જીદમાં નિકાહ રાખવા છે.

મસ્જીદનો એક મહત્વનો ફાયદો એ છે કે તે માનવીમાં પારસ્પરિક સમાનતા ઉત્પન્ન કરી ઊંચ–નીચનો તફાવત ખતમ કરે છે. નમાઝમાં બધાનું એક લાઈનમાં સાથે ઊભા રહેવું સ્પષ્ટ રૂપે દર્શાવે છે કે ઈસ્લામમાં ભેદભાવને કયાંય સ્થાન નથી.

મસ્જીદનો એક ફાયદો એ પણ છે કે તે સામાન્ય જન માટે દીનની વાતો શીખવાનું મોટું કેન્દ્ર છે, બાળકો અને યુવાનો મદ્રસાઓમાં જઈ દીન શીખે છે, તો મોટેરાંઓ મસ્જીદના ઈમામ દ્વારા દીન શીખી શકે છે દઅવત તબ્લીગનું કામ કરનારાઓ નમાઝ પહેલાં કે પછી દીનની બાબતો લોકોને શીખવાડે છે, અને સામાન્ય મુસલમાન જે મદ્રસામાં નથી જઈ શકતો તે આનાથી લાભ ઉઠાવી શકે છે.

અફસોસ છે કે મુસલમાનો આજે મસ્જીદની મહત્વતા ભૂલાવી બેઠા છે, એનો હક અદા નથી કરતા ખૂબસૂરત–આલીશાન મસ્જીદો બાંધે છે, પરંતુ નમાઝીઓથી ખાલી રહે છે, મસ્જીદ માટે પ્રાણ આપવા તૈયાર છે, પરંતુ ઈબાદત–નમાઝ માટે તેમાં જવા તૈયાર નથી.

અલ્લાહ તઆલા દરેકને મસ્જીદનો હક સમજી, અદા કરી, ફાયદો ઉઠાવવાની તૌફિક આપે.

## બાદશાહ કે ખલીફા ?

સુફયાન બિન અબૂ અરફજા ફરમાવે છે કે હઝરત ઉમર રદિ.એક દિવસ કહેવા લાગ્યા કે ખુદાની કસમ હું નથી જાણતો કે હું ખલીફા છું કે બાદશાહ ? જો હું બાદશાહ છું, તો એ એક મોટો બોજ છે. હાજરજનોમાંથી એકે જવાબ આપ્યોઃ અમીરૂલ મુઅમીનીન ! ખલીફા અને બાદશાહમાં મોટો તફાવત છે. જે કોઈથી ખોટી રીતે કંઈ લે નહીં, અને કોઈને ખોટી રીતે કંઈ આપે પણ નહીં, એ ખલીફા છે, અલ્હમ્દુલિલ્લાહ આપ એવું જ કરો છો. જે જુલ્મ કરી જેનાથી ઈચ્છે છીનવી લે, અને જે ને ઈચ્છે આપી દે એને બાદશાહ કહે છે. હઝરત ઉમર રદિ. આ સાંભળી ખામોશ થઈ ગયા. (તારીખે અફકારે સિયાસતે ઈસ્લામી : ૨૯)

# અસબાબ અને ખુદા ઉપર ભરોસો

સૃષ્ટિના સર્જન અલ્લાહ તઆલાએ દુનિયાની વ્યવસ્થાનો પાયો એવી રીતે નાંખ્યો છે કે અહિયાં ઘટતી દરેક ઘટના પાછળ કંઈને કંઈ કારણ–પરિણામ કામ કરતું માલૂમ પડે. વૃષ્ટિ અતિવૃષ્ટિ, દુકાળ, ગ્રહણ જેવી ઘટનાઓ પાછળ પણ અમુક દરજજાઓ સુધી કંઈને કંઈ કારણ જરૂર આપણે શોધીએ છીએ. અને "હર કયું કા જવાબ ખુદાકી મરજી" એ છેલ્લો દરજજો છે.

આ જ પ્રમાણે માનવીના વ્યકિતગત જીવનમા થતી ઉન્નતિ – પ્રગતિ, જાહોજલાલી અને દ્રરિદ્રતાથી લઈ આખી કોમની પ્રગતિ, પડતી, સુખાકારી, દુઃખાકારી કે યુધ્ધોની હાર–જીત વગેરેના પણ નકકી પરિબળો છે, જે માફકસર અને ઉપલબ્ધ હોય તો ધાર્યુ પરિણામ આવે, નહિ તો નહિ.

કાર્ય–કારણનો આ સંબંધ કયારેક જ ચમત્કારો વડે તુટે છે, જેમા બિલ્કુલ ઉલટી દિશામાં ગાડી દોડે છે. આગ શોધવા જનારને પેગંબરી મળી જાય છે, અને પેગંબરીની આશા રાખીને બેઠેલા હાથ ઘસતા રહી જાય છે. પુરતું સંખ્યાબળ અને શસ્ત્ર સજ્જતા ધરાવતી ફોજ નાનકડી નિશસ્ત્ર કહી શકાય એવી ટુકડીથી માત ખાય જાય, ઈતિહાસમા આવા અનેકાનેક દાખલાઓ છે. તાતારીઓએ ૧૮ લાખ મુસલમાનોના માથા ઊતારી લીધા, બગદાદ ત્યારે પણ તારાજ થયું હતું અને એજ તારાજીમાથી આબાદીનો સૂરજ ઉગ્યો અને આખી તાતારી કોમ મુસલમાન થઈ ગઈ.

"પાસબાં મિલ ગએ કઅબેકો સનમખાને સે" બદરની લડાઈમાં આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને સહાબા મળી ૩૧૩નું નાનકડું નિશસ્ત્ર જુથ એક હજાર યોધ્ધાઓને માત

આપે છે. અરબસ્તાનના બકરીઓ ચરાવનારા સામાન્ય તીર–ભાલા અને તલવારો વડે રોમન એમ્પાયરને થકવી મુકે છે. મુસલમાનો સાથે પણ આવું થયું, સબસલામત બરાબર હોવા છતાં હુનૈનની લડાઈમા નુકસાન ઊઠાવવામા આવ્યું.

પરંતુ આ બધા ચમતકારો છે, તે સુષ્ટિની વ્યવસ્થા અને અલ્લાહની સ્થાપેલ કાર્ય–કારણના સરવાળાથી બાકાત છે. અલ્લાહની સ્થાપેલ વ્યવસ્થા એ છે કે કોઈ પણ કાર્ય માટે તેના પરિબળો, સંજોગો પોતાના પક્ષે કેશ, પેટભરવા ખોરાક એકઠો કરો. લાવણી માટે વાવણી કરો, યુધ્ધમા જીતવા માટે યોધ્ધાઓ અને સરંજામ ભેગો કરો અન પછી શ્રધ્ધા–યકીન અલ્લાહ પર રાખો, કારણ કે કાર્ય–કારણનું ગણિત બરાબર કરી લીધા પછી પણ ચમત્કારની દોર તેના જ હાથમા હોય છે, તેના પર યકીન રાખી દુઆ કરો કે સારૂં પરિણામ આવે. કુર્આનમાંથી એક ઉદાહરણ જોઈએ !મિસરમા દુકાળ પડયો, હઝરત યાકૂબ (અલયહિસ્સલામ) તેમના પુત્રોને કિન્સાન અનાજ લેવા મોકલે છે, પરંતુ પિતાનું દિલ ધડકે છે, કે આવા દુકાળના કાળમા પુત્રોનો આ કાફલો કયાંક લુંટમાર કે ઈર્ષા–અપરાધમા સપડાયને મુશીબતમાં ન આવી પડે, માટે સુચનાઓ આપે છે કે"બેટાઓ શહેરમા એક દ્રારેથી પ્રવેશ ન કરશો, બલ્કે જુદા જુદા દ્રારેથી એક–બે કરી પ્રવેશજો." આપનો હેતુ એ હતો કે આમ કરવાથી ભાઈઓનું ગૃપ ચર્ચામા ન આવી જાય. આટલું કહયા બાદ હઝરત યાકૂબ (અલયહિસ્સલામ) જાતે જ પુત્રોને કહે છે કે આતો એક તદબીર છે, અને માણસની ફરજ પણ અહિયા સુધીની જ છે, બાકી થશે, તેજ જે અલ્લાહે ચાહયું હશે." આ ઉપરથી આપણે સમજી શકીએ છે કે તદબીર અને બનતા પ્રયાસોમાં થોડી પણ કચાસ રાખવી ન જોઈએ.

## શરીઅતની નજરે

# ચેપી (સંક્રમિક) રોગચાળામાં સાવચેતીના પગલાં

કોરોના વાયરસે માનવ વિશ્વમાં એક હલચલ મચાવી દીધી છે, આ વાયરસ શું છે ? અને તે કેવી રીતે ફેલાય છે ? આ બાબતે ઘણું લખવામાં આવ્યું અને તેનાથી બચવાના ઉપાયો વિશે પણ ઘણું કહેવામાં આવી રહયું છે. પરંતુ મારે અત્રે ટુંકમાં ત્રણ વાતો અરજ કરવી છે.

(૧) આ વાયરસ અલ્લાહનો અઝાબ છે કે પછી કોઈ ષડયંત્ર ?

(૨) આ રોગ વિશે સમજવામાં આવે છે કે પરસ્પર એક બીજાને મળવાથી અને સ્પર્શથી એકની બિમારી બીજાને લાગી જાય છે, તો શું આવું સમજવું ઈસ્લામી માન્યતાના વિરૂદ્ધ છે ?

(૩) આનાથી બચવા માટે કોઈના સાથે મુલાકાત અને હસ્તધૂનન (મુસાફહો) ન કરવું શરીઅતના વિરૂદ્ધ તો નથી ને ?

(૧) પ્રથમ વાત :

વાયરસના અમુક જ દિવસો પછી આવી વાતો ફરતી થઈ ગઈ હતી કે આ એક પૂર્વ આયોજિત ષડયંત્ર છે, ખરેખર આ એક રસપદ વિષય અવશ્ય છે, પરંતુ તેની ન આખિરતમાં પૂછપરછ થશે અને ન તો દુનિયામાં તેનો કોઈ નોંધપાત્ર ફાયદો આપણને મળનાર છે. આ કામ સરકારો, વૈશ્વિક શકિતઓ અને નિતિ નિર્માતા સંસ્થાઓનું છે, તેઓ તપાસ કરીને બતાવે કે આ ષડયંત્ર જૈવિક યુદ્ધ છે કે નહીં ? આપણા માટે આ ચર્ચા વ્યર્થ છે, બસ આપણું કામ તો એ છે કે આપણે અત્રે તૌબા અને આજિઝી અપનાવીને દુઆ કરીએ, અલ્લાહ તઆલાના સામે નદામતના આંસુઓ વહાવીએ, જો આવા સંકટ સમયે પણ આપણા જીવનમાં કોઈ તફાવત કે પરિવર્તન ન આવ્યું તો ખરેખર આપણે આ આયતનો પુરાવો બનીશું :

فلولا إذ جاء هم بأسنا تضرعوا ولكن قست قلوبهم وزين لهم

الشيطان ما كانوا يعملون

અર્થ : પછી જ્યારે તેઓ ઉપર અમારો અઝાબ આવ્યો ત્યારે તેઓ કેમ કરગર્યા નહિ ? પરંતુ તેઓનાં દિલ જ સખત થઈ ગયાં હતાં, અને તેઓ જે કાર્યો કરતા હતા તે તેઓને શયતાને સારાં છે એમ બતાવતો હતો.

(૨) બીજી વાત બાબતે હદીસોમાં બે પ્રકારની વાતો મળે છે, અમુક હદીસોથી સ્પષ્ટપણે ખબર પડે છે કે આવું સમજવું કે એકની બિમારીનો ચેપ બીજાને લાગે છે, આ ઈસ્લામી માન્યતાના વિરૂદ્ધ છે. બુખારી શરીફની એક રિવાયતમાં છે " لا عدوى و لا طيرة " એટલે કે એકની બિમારી(નો ચેપ) બીજાને લાગી જવો અને પક્ષીઓથી સારા અને નરસાના શુકન લેવાંની કોઈ વાસ્તવિકતા નથી. આ જ પ્રમાણે અબૂદાવૂદ શરીફની એક રિવાયતમાં છે કે એક વાર અલ્લાના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કોઢવાળા માણસને પોતાની સાથે ખાવા બેસાડી દીધો. આ પ્રકારની હદીસોથી ઘણા લોકો એમ માને છે; બલકે અકીદો ધરાવે છે કે એકની બિમારીનો ચેપ અન્ય માણસ લાગવો ઈસ્લામી માન્યતાના વિરૂદ્ધ છે.

પરંતુ બીજી અમુક હદીસોથી ખબર પડે છે કે અમુક રોગોમાં રોગી માણસના સાથે મુલાકાત કરવાથી રોગ – બિમારીનો ચેપ લાગી જવાનો ભય વાસ્તવિક છે, બુખારીની એક હદીસ છે :

فر من المجذوم كما تفر من الأسد

અર્થ : કોઢવાળા માણસથી એવા રીતે ભાગો (દૂર રહો) જેમ કે વાઘને જોઈને ભાગો છો.

પ્રમાણે મુસ્નદે અહમદની એક રિવાયતમાં છે :

لاتديموا النظر الى المجذومين وإذا كلمتموهم فليكن بينكم وبينهم قد ررمح

એટલે કે કોઢની બિમારીવાળા માણસ તરફ વધુ વાર સુધી જોયા ન કરો, અને જયારે તમે આવા લોકો સાથે વાત કરો તો તમારા અને તેના વચમાં એક ભાલા જેટલુ અંતર (ડિસ્ટન્સ) રાખો.

બલકે મુસ્લિમ શરીફની એક રિવાયતથી તો ખબર પડે છે કે જાતે

અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેના પર અમલ કર્યો છે. બનૂ ષકીફ કબીલાનું પ્રતિનિધિ મંડળ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં બયઅત થવા માટે આવ્યું હતું, તેમાં એક કોઢવાળો માણસ હતો, તો અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેને કહેણ મોકલ્યું કે انا قدبايعناك فارجع અમે તમારાથી (મળ્યા વગર) બયઅત કરી લીધી છે, જેથી તમે પરત ચાલ્યા જાવ, આનાથી માલૂમ થયું કે જાતે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાના અમલથી લોકોને સાવચેતી રાખવાની તાલીમ આપી.

અને માત્ર બીમારથી દૂર રહેવાની વાત નથી, બલકે એવા વિસ્તારો તરફ સફર કરવાની પણ મનાઈ ફરમાવી જ્યાં બીમારી ચાલી રહી હોય. બુખારી શરીફમાં રિવાયત છે :

اذا سمعتم بالطاعون بأرض فلاتدخلوها واذا وقع بأرض وأنتم بها فلاتخرجومنها

અર્થ : તમને ખબર મળે કે ફલાણી જગ્યાએ પ્લેગની મહામારી ફેલાયેલી છે તો ત્યાં ન જાઓ અને જો તમે એવા સ્થળે હોવ, જયાં રોગચાળો ફેલાયેલ છે તો તે જગ્યાએથી બહાર પણ નીકળો નહીં.

એક વાર ઊંટો બાબતે અલ્લાહના રસૂલ (સલ.)એ ફરમાવ્યું :

لايؤردن ممرض على مصح

એટલે કે કોઈ માણસ બીમાર ઊંટોને તંદુરસ્ત અને સ્વસ્થ ઊંટોમાં ન લઈ જાય.

આ હદીસોથી જણાયું કે અમુક બીમારીઓમાં એવા રજકણો – બેકટેરિયા હોય છે કે પરસ્પર મળવા – સ્પર્શ કરવાથી તે રજકણો ફેલાવવાનો ભય છે.

અગાઉની હદીસોથી સમજમાં આવતી વાત કે એકની બીમારી બીજાને લાગતી નથી, તેનો મતલબ એ છે કે બીમારી આપમેળે એક બીજાને લાગતી નથી, જેમકે જહાલત (પ્રાચીન) કાળમાં સમજવામાં આવતું હતું. અને અસલ વાત આ છે કે બીમારીનું સંક્રમણ (ચેપ લાગવો) પણ અલ્લાહના

આદેશથી જ હોય છે, જયારે અલ્લાહ તઆલા ઈચ્છે છે ત્યારે બીમારીના રજકણો (વાયરસ) ફેલાય છે, અને જયારે ઈચ્છતા નથી તો ફેલાતા નથી. આ વાત જોવામાં આવી છે કે અમુક વખતે આવા રોગી માણસ સાથે કોઈએ થોડી વાર મુલાકાત કરી તો તે પણ એ બીમારીનો ભોગ બની જાય છે અને જે માણસ તે દર્દી પાસે રહી તેની સેવા કરે છે અથવા જે ડોકટર તેની સારવાર કરી રહયો છે તે પણ આ સંક્રમણમાં આવી જાય છે. માલૂમ થયું કે અમુક બીમારીઓ સંક્રમણનું જાહેરી કારણ તો છે, પરંતુ ખરું કારણ અને સબબ તો અલ્લાહ તઆલાનો આદેશ છે.

અલ્લામા ઈબ્ને હજર (રહ.)એ એક ઘટના વર્ણવી છે કે સ.હી ૮૩૩માં કાહિરહ શહેરમાં રોગચાળો ફેલાયો, એલાન કરવામાં આવ્યું કે બધા લોકો ત્રણ દિવસ રોઝા રાખે, ત્યાર પછી સામુહિક નમાઝ અને દુઆ માટે ભેગા થાય, જયારે તેના ઉપર અમલ કરવામાં આવ્યો તો ત્યાર પછી મૃત્યુ દરમાં નોંધપાત્ર વધારો થઈ ગયો, પહેલાં મૃત્યુ પામનારોનો આંક ચાળીસથી ઓછો હતો, પરંતુ સામુહિક નમાઝ અને દુઆ પછી એટલો રોગ ફેલાયો કે મૃતકોની સંખ્યા પ્રતિ દિન એક હજારથી વધી થઈ, જેના લઈ અલ્લામા ઈબ્ને હજર (રહ.)ના મનમાં આવ્યું કે આ રોગચાળો લોકોના ભેગા થવાથી ફેલાયો છે.

નોંધ : ઉપરોકત વિગતથી આ વાત સ્પષ્ટ થઈ ગઈ કે આપમેળે બીમારી ફેલાય છે, એવું માનવું ખરેખર અજ્ઞાનતા કાળની માન્યતા છે, પરંતુ આ પણ એક વાસ્તવિકતા છે કે અમુક બીમારીઓમાં એવા રજકણો – બેકટેરિયા હોય છે જે પરસ્પર એક બીજા સાથે મળવા તથા સ્પર્શ કરવાથી એક બીજાને લાગી જાય છે, જેવું કે ઉપરોકત ઘણી હદીસોથી સમજાય છે અને વિજ્ઞાનનું પણ આ જ સંશોધન છે. અને આ પણ બીમારી (વધવા)નું એક કારણ છે જેમકે અન્ય બીમારીઓ કોઈના કોઈ કારણથી પેદા થાય છે, એ જ રીતે વાયરસનું એકથી બીજાને લાગવું પણ બીમારીનું એક કારણ છે, જેથી આવી ભયંકર બીમારીથી બચવા માટે સાવચેતીના ઉપાયો અપનાવવા શરીઅતના વિરૂદ્ધ નથી. બલકે સાવચેતી રાખવી સુન્નત છે. આવું જ મુફતી

તકી ઉસ્માની સાહેબ (દા.બ.)એ પોતાના વિડિયો બયાનમાં ફરમાવ્યું છે કે સરકાર તરફથી જાહેર કરવામાં આવેલ સાવચેતીના ઉપાયો ઉપર અમલ કરવો શરીઅતની તાલીમ સમાન છે અને ઉપાયો અપનાવવા શરીઅતનો તકાદો પણ છે.

જો આપણે આ બાબતે ગફલતમાં રહયા તો આ શરીઅતના હુકમ વિરૂદ્ધ છે અને દેશના બંધારણના આધારે ગુનેહગાર પણ થશો, જેથી ભલાઈ એમાં જ છે કે કાનૂનની પકડમાં આવીને અપમાનિત થતા પહેલાં આપણે આપણી પ્રતિષ્ઠા અને આબરૂ બચાવીએ અને મુસલમાનોને એ શોભતું પણ નથી કે એવું કૃત્ય કરીએ જે પોતાને અપમાનિત કરનાર હોય. તિરમિઝીની એક હદીસમાં છે :

لاینبغی للمؤمن أن یذل نفسه

મોમિન માટે યોગ્ય નથી કે તે પોતાની જાતને અપમાનિત કરે.

(૩) ત્રીજી અગત્યની વાત આ છે કે ઉપરોકત વિગતથી આ સ્પષ્ટ થઈ ગયું કે સાવચેતી રાખવી જરૂરી છે, ખાસ કરી મુસાફહો (હાથ મિલાવવા) વિશે હઝરત મુફતી તકી ઉસ્માની સાહેબ (દા.બ.) ફરમાવે છે કે આવી પરિસ્થિતિમાં જે કામ શરીઅતમાં ફર્ઝ નથી, તેને રોગચાળાના કારણે છોડવામાં કોઈ વાંધો નથી.

'યુરોપીયન ફત્વા કોન્સલ'માં પૂર્વ – પશ્ચિમના ઘણા ઉલમા શામેલ છે અને તેના પ્રમુખ ઈસ્લામી જગતના વિખ્યાત સુન્ની ફકીહ અલ્લાહ યુસૂફ અલ–કરઝાવી (દા.બ.) છે, કોરોના વાયરસને સામે રાખી આ કોન્સલનો ચાર દિવસીય પ્રોગ્રામ થયો જેમાં ફ્રાન્સ, બ્રિટન અને જર્મનીના નિષ્ણાંત મુસ્લિમ ડોકટરો પણ હાજર હતા, લાંબી ચર્ચા વિચારણા પછી તેમાં એકવીસ મસ્અલાઓની પણ ચર્ચા થઈ, તેમાં એક આ પણ હતો કે મુસાફહો કરવો જો કે સુન્નત છે, પરંતુ ચેપી રોગના ભયને સામે રાખી મુસાફહો ન કરવામાં આવે તો એની ગુંજાઈશ છે.

*—— મવ. હમ્માદ અય્યૂબ કાકોશી.*

*——ઉર્દૂ પરથી ગુજરાતી અનુવાદ*

---

# ઝકાતના ત્રણ પાસા

ઝકાતમાં નેકી અને ફાયદાના ત્રણ પાસાં છે :

(૧) એક એ કે મો'મિન જે પ્રમાણે નમાઝના કિયામ અને રૂકુઅ, સજદહ, મારફત અલ્લાહ સમક્ષ પોતાની બંદગી અને આજીઝી તથા તાબેદારીનો દેખાવ શરીર, આત્મા અને જીભ વડે કરે છે. જેથી કરી અલ્લાહની નઝદીકી અને તેની ખુશી અને રહમત પ્રાપ્ત થાય, એ જ પ્રમાણે ઝકાત અદા કરી તેના દરબારમાં પોતાના માલની ભેટ એ જ મતલબથી રજૂ કરે છે અને પુરવાર કરે છે કે તેની પાસે જે કંઈ છે, તે તેનું પોતાનું નથી, પણ ખુદાનું સમજે છે અને માને છે. તેની ખુશી અને નજદીકી પ્રાપ્ત કરવા માટે તે તેને કુર્બાન કરી ભેટ ચઢાવે છે.

દીન અને શરીઅતની પરિભાષામાં "ઈબાદતો" બંદાના તે જ અમલોને કહેવામાં આવે છે, જેનો ખરો હેતુ અને અર્થ અલ્લાહ સમક્ષ પોતાની અબ્દીય્યત અને બંદગીના સંબંધને જાહેર કરવા, અને તે મારફત તેનો રહમ કરમ અને ખુશી શોધવાનો હોય.

(૨) બીજું પાસુ ઝકાતમાં એ છે કે તેની મારફત અલ્લાહના જરૂરત મંદ અને પરેશાન બંદાઓની સેવા અને મદદ થાય છે. એ રીતે પણ ઝકાત, સંસ્કારીક રીતે ઘણો જ મહત્વનો ભાગ છે.

(૩) ત્રીજું પાસુ તેમાં ફાયદા કારક એ છે કે માલની મહોબ્બત અને લાલચ જે ઈમાનને બરબાદ કરનાર અને ઘણી જ ખતરનાક રૂહાની બિમારી છે, ઝકાત તેનો ઈલાજ છે, તેના ખરાબ અને ઝેરીલા અસરથી મનને સ્વચ્છ અને સાફ કરવાનું સાધન છે. એ જ કારણે કુર્આનમાં એક જગ્યાએ ફરમાવ્યું છે :

خُذْ من اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِرُهُمْ وتُزَكِيهِم بِهَا

હે નબી ! (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) ! આપ મુસલમાનોના માલમાંથી સદકો (ઝકાત) વસૂલ કરો, જેના કારણે તેમના દિલોની સ્વચ્છતા અને તેના નફસોની સફાઈ થઈ જાય. બીજી જગ્યાએ ફરમાવ્યું છે:

وَسَيُجَنّبَهَا الاتقى الذى يؤتى مَالَهٗ يتزكىٰ (سورة الليل)

"અને જહન્નમની આગથી તે મહાન પરહેઝગાર બંદો દુર રાખવામાં આવશે, જે તેનો માલ અલ્લાહના રસ્તામાં એટલા માટે ખર્ચે છે કે તેની આત્મા અને તેના દિલની સફાઈ અને સ્વચ્છતા થાય."

બલ્કે ઝકાતનું નામ એ જ કારણે ઝકાત રાખવામાં આવ્યું છે. કારણ કે ઝકાતનો ખરો અર્થ જ સ્વચ્છતાનો છે.

● ● ● ● ●

# વસતી વધારાનો હાઉ

વસતી વધારાનો પ્રશ્ને વૈશ્વિક જોવામાં આવે તો સમજમાં આવે છે કે વસતી વધારાનો હાઉ પશ્ચિમનો ઉભો કરેલ છે. પોતાને આધુનિક, માનવતાવાદી, સમતોલ વિચારધારાવાળા ગણાવતા પશ્ચિમી દેશો લાખ કહેવા છતાં પોતાની ધાર્મિક ઓળખ અને ઝનૂન છુપાવી શકતા નથી, આર્થિક રીતે વિશ્વને પોતાનું ગુલામ બનાવી ચૂકેલ પશ્ચિમી સત્તાઓ વિશ્વ આખાને ઈસાઈયતના રંગે રંગાયેલી જોવા ઈચ્છે છે. અત્યાર સુધીના તેમના જ કર્મોના ફળ સ્વરૂપ તમના દેશોમાં સ્થાનિક માનવ સંપત્તિ ખૂટી ગઈ છે. આવશ્યક યુવાનો–શિક્ષકો, ડોકટરો, વૈજ્ઞાનિકો તેમને પાસે નથી. બીજી તરફ વિશ્વની મુસ્લિમ આબાદીમાં આવો ઘટાડો નથી બલકે યોગ્ય અને ધીમો વધારો થઈ રહયો છે. જે કોઈ માટે ખતરો તો હરગિઝ નથી, પરંતુ આવામાં સ્પષ્ટ છે કે આવતા સમયમાં મુસલમાનોની નવી પેઢી આવી ખાલી જગાઓ ઉપર કબજો જમાવી રહી છે અને શકય છે કે વિશ્વમાં તેઓ સર્વોપરી બની જાય. આ બધું જોતાં ઈસ્લામ અને ઈસ્લામી સંસ્કૃતિ–વિચારધારા જીવનશૈલીથી ડરતો દરેક સમાજ વધતી મુસલમાન આબાદી ઉપર ચિંતાવ્યકત કરે એ સ્વભાવિક છે. આંકડાઓ જોઈએ તો ફ્રાન્સમાં ૦.૨૯ , હંગેરી ૦.૩૮ સ્પેન ૦.૦૧ સ્વીડન ૦.૦૧ ટકા જેટલું વસતી વધારાનું પ્રમાણ છે, જે અત્યંત ઓછું છે.

પોતાને ત્યાં તો પૂરતા પ્રયત્નો છતાં લગ્નને કે વધુ બાળકોની અપીલને જોઈતું પ્રોત્સાહન મળી શકયું નથી અને હવે મુસ્લિમ વિશ્વને લશ્કરી તાકાતને જોરે પરાસ્ત કરવા નીકળેલ પશ્ચિમ અનેક રીતે મુસલમાનોને પરાસ્ત કરવા પ્રયત્ન કરી રહયું છે. ઈસ્લામી સંસ્કારો પ્રતિકો, નિતિ–નિયમો અને સિધ્ધાંતોને જૂનવાણી ગણાવવા ઉપરાંત અનેક રીતે મુસલમાનોને ઈસ્લામથી પદભ્રષ્ટ કરવાના પ્રયત્નો જારી છે. આ સર્વગ્રાહી ચળવળનો એક ભાગ વસતી વધારાની બનાવટી ચિંતા છે, અપૂરતો ખોરાક, અશિક્ષિતપણું બેરોજગાર વગેરે બાબતો આ હાઉને ટેકો આપવા સાથે જોડી દેવામાં આવી છે. આ જ વાત સીધા શબ્દોમાં ભારતના કટ્ટરવાદીઓ સ્પષ્ટ રીતે કહે છે કે આ જ પ્રમાણે મુસલમાનોની વસતી વધતી રહી તો ભારતમાં તેઓ બહુમતિમાં આવી જશે. એમ પણ આપણે ભારતીયો પછાત એટલે પશ્ચિના લોકો જેમ આ ચિંતાને પછાતપણા, નિરક્ષરતા, બેરોજગારી, બીમારીઓ વગેરેના લેબલમાં નથી રજૂ કરી શકતા.

# એક વિશેષ દુઆ

હઝરત આયશા (રદિ.) ફરમાવે છે કે રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે જયારે હઝરત આદમ (અલૈ.)નું જમીન પર ઉતરાણ થયું ત્યારે પ્રથમ કા'બા સામે ઉભા થઈને બે રકાત નમાઝ પઢયા, તે સમયે અલ્લાહ તઆલાએ આ દુઆ તેમના દિલમાં ઈલહામ ફરમાવી:

اللّٰهمَّ إنَّكَ تَعلَمُ سِرِّيْ وَعَلانيتِيُ، فاقْبَلُ معْذِرَتِيْ، وتَعْلَمُ حَاجتِيُ فاعُطِني سُؤلِي وتعلمُ مافى نفْسِيُ فاغفِرُلى ذَنُبِى، اللّهمَّ إِنّى اسُئَلُكَ إِيمَاناً يُبَاشِرُ قَلْبِى، ويَقِيناً صَادِقاً حتٰى اَعُلمُ انُ لَّا يُصِيبُنِى إلَّا مَا كَتَبُتَ لِيُ ورِضىً بِمَا قَسَمُتَ لِيُ ـ

તરજૂમો : યા અલ્લાહ તમો મારી બાહ્ય અને આંતરિક સ્થિતિથી વાકિફ છો અને આપ મારી જરૂરત જાણો છો. મારો સવાલ પૂરો ફરમાવો. અને જે કંઈ મારા અંતર અને મનમાં છે તે પણ જાણો છો, મારા ગુનાહ માફ ફરમાવો. યા અલ્લાહ હું આપનાથી ઈમાન માગું છું, એવું ઈમાન જે મારા અંતરમાં પ્રવેશી જાય અને એવું પાકું યકીન જેનાથી મને એવો આભાસ થાય કે સાચે જ મને કોઈ ભલાઈ અથવા બુરાઈ પહોંચે છે, તે મારી તકદીરમાં લખાયેલી છે અને મારા નસીબ તેમજ તકદીર પર મને રાજી ફરમાવી દે.

ત્યાર બાદ અલ્લાહ તઆલાએ આપ ઉપર વહી મોકલી કે હે આદમ ! અમે તમારી તૌબા કબૂલ ફરમાવી અને તમારી ભૂલ માફ ફરમાવી. અને જે કોઈ માણસ ઉપરોકત દુઆ વડે મારાથી માંગશે તો હું તેની મગફિરત કરી દઈશ અને તેના સર્વે કામોનો જીમ્મેદાર બની જઈશ અને દુનિયા તેના પાસે રૂસ્વા થઈને આવશે, ભલેને તે દુનિયાને ચાહતો ન હોય. (ઈબ્ને મરદવિહયહ)

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## ઇદ્દતનો ખર્ચ ક્યારે અને કેટલો આપવો ?

સવાલઃ (૧): સલામ મસ્નૂન બાદ ફતાવા વિભાગ દારૂલ કુર્આન જંબુસરના મુફતી સાહેબને જણાવવાનું કે મેં મારી પત્નીને રમઝાન માસ પહેલા છુટાછેડા આપેલ હોવાથી મારે તેને કેટલી માત્રામાં ઈદ્દત ખર્ચ આપવો તે વિશે મને ખુલાસો આપવા મહેરબાની કરશો.

(૨) ઔરત જો પોતાના ઘરે ઈદ્દત ગુજારે તો ઈદ્દતના ખર્ચની હકદાર ખરી?

***જવાબ:*** (૧) حامدًا و مصليًا ومسلمًا

ઈસ્લામી શરીઅત મુજબ ઈદ્દતના ભરણપોષણના ખર્ચાની કોઈ માત્રા નક્કી કરવામાં આવી નથી, બલકે મીયાં – બીવી બંનેની સ્થિતિ તેમજ ખાવા – પીવાની વસ્તુઓના ભાવો નજર સમક્ષ રાખી ભરણપોષણનો મધ્યમસરનો ખર્ચ કોઈ દીનદાર ન્યાયી પંચ દ્વારા અથવા આપસની સમજૂતીથી નક્કી કરવામાં આવે. દા.ત. લઘુત્તમ ખર્ચ ૫૦ રૂપિયા છે અને ઉચ્ચતમ ખર્ચ ૧૦૦ રૂપિયા છે તો મધ્યમસરનો ખર્ચ ૭૫ રૂ. કહેવાશે, આ તો ફકત ઉદાહરણ છે, ખર્ચની માત્રા આનાથી ઓછી વધતી હોય શકે છે. અમારા મત મુજબ જો શહેરી જીવન ગુજારતી સ્ત્રી હોય, તો માસિક ભરણપોષણ ખર્ચ પેટે ૩૦૦૦ રૂપિયા થી ૪૦૦૦ સુધીની માત્રા મુનાસિબ છે.

*(ફતાવા દારૂલ ઉલૂમ : ૧૧ / ૧૫૧, વિગેરે ઉપરથી)*

(૨) હઝરત મવલાના મુફતી અબ્દુલ રહીમ સા. લાજપુરી રહમતુલ્લાહી અલયહ ફતાવા રહીમિય્યહમાં આ સંબંધિત જવાબ આપતા લખે છે : તલાક થયેલ ઓરતના માટે જરૂરી છે કે તે જ ઘરમાં ઈદ્દતમાં બેસે, જે તેણીનું શવહરથી અલગ થતાં પહેલાં રહેવાનું મકાન હોય. અલ્લાહ તઆલાનું ફરમાન છે.

لاتخرجوهن من بيوتهن ولايخرجن (સુરએ તલાક)

અર્થાત : ન તમો તેઓને તેઓના (રહેવાના) ઘરોમાંથી કાઢો અને ન તો તે તેણીઓ પોતે (ઘરની બહાર) નીકળે.

એવી જ રીતે અલ્લાહનું ફરમાન છે : તલાકવાળી ઓરતોને પોતાની વિશાળતા અને હેસીયત મુજબ ત્યાં રાખો જયાં તમો રહો છો. (સુ.તલાક)

أسكنوهن من حيث سكنتم من وجدكم

માટે તલાકવાળી ઔરત ઈદ્દતના પિરયડમાં શવહરને ત્યાં રહે અથવા શવહરની મરજીથી અથવા શરઈ હક આધિન અથવા શરીઅતમાં અન્ય ઉઝર – કાર્ય કારણના લઈ અન્ય જગ્યાએ રહે ત્યારે તો ઈદ્દતના ભરણ પોષણના ખર્ચની હકદાર છે, પરંતુ જો ઓરત વિના શરઈ ઉઝર – કાર્ય કારણે શવહરની ના ફરમાની કરીને, શવહરની મરજી વિરૂધ્ધ, અન્ય જગ્યાએ જતી રહે તો ઈદ્દતના ભરણ પોષણના ખર્ચની હકદાર ગણાશે નહીં. (ફતાવા રહીમિય્યહ : ૮ / ૪૩૨) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

*તા. ૨૧ શવ્વાલ – ૧૪૩૩ હિજરી – ૯/૯ ૨૦૧૨ ઈસ્વી*

***પત્નિના પૈસાથી ખરીદે પ્લોટનો હુકમ***

સવાલ : અમારા ભત્રીજા જમાઈ શિક્ષકની નોકરી કરતા હતા અને મર્હુમની ઓરત જે અમારી ભત્રીજી થાય છે એ પણ શિક્ષિકાની નોકરી કરે છે, હવે સવાલ આ છે કે અમારા ભત્રીજા જમાઈનું અવસાન થયું છે. મર્હૂમ જમાઈ એમના પાછળ પોતાની પત્ની જે અમારી ભત્રીજી થાય છે અને બે પુત્રો અને એક પુત્રી છોડી ગયા છે. હવે બીજી બાજુ મર્હૂમ વાલિદહ અને મર્હૂમનો એક ભાઈ છોડી ગયા છે, જે હાલ જીવંત છે, મૂળ પ્રશ્ન આ છે કે મર્હૂમ જમાઈ અને બેવહ અમારી ભત્રીજીએ બે (૨) પ્લોટ ખરીદ કરેલ હતા, જેમાં એક પ્લોટની રકમ અમારી ભત્રીજીની આગવી હતી. અમારી ભત્રીજીએ ઘણાં જ આગ્રહ – કાલાવાલા કર્યા કે જે મારી માલિકીની રકમનો પ્લોટ છે, તેનો દસ્તાવેજ મારા નામનો હોવો જોઈએ, પરંતુ મર્હૂમ પતિએ બન્ને પ્લોટ એમના નામ પર કરી લીધા હતા. ત્યાર પછી અમુક મુદ્દતે એ જીવતા હતા. એટલે કે એમના મરણના અમુક મહીના પહેલાં જ બન્ને પ્લોટ મર્હૂમે વેચી દીધા હતા અને એ બન્ને પ્લોટની રકમ એમની વાલિદહને આપી દીધી હતી કે એ રકમની હું હકદાર છું, તો અમારી ભત્રીજી જે મર્હૂમની પત્નીની આગવી રકમનો આગવો માલિકીનો પ્લોટ હતો, તેમાં મર્હૂમની વાલિદહ અને મર્હૂમના

ભાઈને શું લેવા દેવા છે ?

**જવાબ:** (૧) حامدًا و مصليًا ومسلمًا

રજૂ કરેલ સૂરતમાં આપના મરહૂમ ભત્રીજા જમાઈએ જે બે પ્લોટ ખરીદ કર્યા હતા અને જેમાંથી એક મર્હૂમે પોતાની પત્નીની આગવી આવકથી ખરીદ કર્યો હતો, આ પત્નીની આવકથી ખરીદ કરવામાં આવેલ પ્લોટ જો મર્હૂમે પત્ની માટે ખરીદ કર્યો ન હોય, બલકે પોતાના માટે જ ખરીદ કર્યો હોય અને કિંમત પેટે પત્નીના પૈસાની ચૂકવણી કરી હોય, તો આ પ્લોટ મરહૂમનો જ ગણાશે અલબત્ત પ્લોટની કિંમત પેટે પત્ની પાસેથી જે પૈસા લઈ ચૂકવણી કરી, તે પૈસા પત્નિએ મરહૂમ પતિને બખ્શીશ ન કર્યા હોય તો મરહૂમના શિરે દેવું ગણાશે. જેને મરહૂમ પતિની મિલ્કતમાંથી વસૂલ કરવામાં આવશે, જે પત્નીના જ ગણાશે, અન્ય કોઈનો હક તેમાં લાગશે નહીં. અને જો ચૂકવણી કરેલ પૈસા મરહૂમને બક્ષિશ કર્યા હોય તો એવી સૂરતમાં જયારે કે આ પ્લોટ મરહૂમે પોતાની હયાતીમાં જ વેચી દીધો હોય, તે પ્લોટમાં કોઈ હક તેણીનો કે અન્ય વારસદારોનો લાગશે નહીં, હાં, જો આ વેચાણ કરેલ પ્લોટોના પૈસા બાકી હોય, જમા હોય તો તેમાં પત્ની સાથે બધા જ વારસદારોનો શરઈ નિયમ મુજબ હિસ્સો લાગુ થશે.

અને જો મરહૂમે મઝકૂર પ્લોટ સાચે જ પત્ની માટે જ લીધો હતો, તો તેમના માટે જરૂરી હતું કે તે પત્નીના નામે દસ્તાવેજ કરી આપતે અને પત્નીની (જે પ્લોટની આ સૂરતમાં માલિક છે) રજા વિના વેચાણ ન કરતે, પરંતુ તેમણે તેમ છતાં જે વેચાણ કર્યું છે, તે દુરુસ્ત નથી, કારણ કે તેઓ એના માલિક ન હતા. માલિક પત્ની હતી ! માટે તેણીની રજા જરૂરી હતી, ખૈર હવે જયારે કે સદર પ્લોટ મરહૂમે પોતાની હયાતીમાં વેચી આપ્યો, તો એક રીતે પ્લોટ બાબત નાજાઈઝ તસર્રૂફ અને ગસબ (કોઈના માલને છીનવી લેવું) છે. અને આનું પરત આવવું શકય ન હોય, આ પ્લોટને બરબાદ કરવું છે, આવી સ્થિતિમાં પ્લોટના ગસબ (કિંવા વેચાણના દિવસે) જે બજાર ભાવ હોય, તેનાથી પ્લોટનો ભાવ મરહૂમના શિરે કર્ઝ ગણાશે, અને તેને મરહૂમની મિલકતમાંથી વસૂલ કરી, મરહૂમની પત્નીને આપવામાં આવશે.

*(તા. ૨૭/શવ્વાલ ૧૪૩૩ હિજરી)*

---

બોધકથા. ૧૦૯.

બાદશાહની સેવામાં એક ચાકર નવો નવો આવ્યો હતો. બિચારાએ કદી દરિયો જોયો ન હતો અને નાવડીની સમુદ્રી સફર તો એની કલ્પનામાં પણ કદી આવી ન હતી. જોગાનુજોગ એને જ લઈને બાદશાહ સફરે નીકળ્યો અને એક નાવડીમાં સવાર થયો. ગુલામના તો હોશ જ ઉડી ગયા. થરથર કાંપવા લાગ્યો. અને બચાવની બુમો પાડવા માંડયો. બાદશાહે અને અન્યોએ એને નરમીથી સમજાવ્યો, હિમ્મત અપાવી પણ બધું બેકાર.. એની રોક્કળ ચાલુ જ રહી. બાદશાહની તો સફરની મજા બગડી ગઈ. કોઈને સમજાતું ન હતું કે એને કેવી રીતે ચુપ કરવો. આખરે એક બુદ્ધિશાળી માણસે બાદશાહને અરજ કરી કે તમે પરવાનગી આપો તો એક યુકિત હું અજમાવી જોઉં. બાદશાહે રજા આપી. એણે બે ચાર માણસો કહીને આ નાદાનને દરિયામાં બેચાર ડુબકીઓ ખવડાવીને નાવડીના છેડે લટકાવી દીધો. અને થોડીવાર પછી ખેંચીને નાવડીમાં લઈ લીધો. હવે તે એક ખુણામાં ચુપચાપ બેસી ગયો અને બધાને શાંતિ થઈ. બાદશાહને નવાઈ લાગી કે હવે આ ચાકર કેમ ચુપ થઈ ગયો ?

બુદ્ધિશાળીને પૂછયું તો એણે જવાબ આપ્યો કે, એણે કદી દરિયાની સફર કરી ન હતી, એટલે પાણીમાં ડૂબવાનો પણ એને કોઈ અનુભવ ન હતો. મેં એને ડૂબવાનો અનુભવ કરાવી દીધો, એટલે એને ખબર પડી કે નાવડીની સફર અને સલામતી કેટલી કીમતી વસ્તુ છે. જેમ કે એશ આરામમાં જીવતા લોકોને ભુખ્યા પેટની તકલીફનો અંદાજો નથી હોતો.

વાર્તાનો સાર આ છે કે માણસને જે રાહત ઉપલબ્ધ હોય એની કદર કરવી જોઈએ. રાહતમાં રહેનારે પણ મુસીબતના પાઠ ભણીને કષ્ટોનો અનુભવ કેળવવો જોઈએ. ફાની બદાયુનીનો શેર છે :

ગમ ભી ગુઝિશ્તની હે, ખુશી ભી ગુઝિશ્તની
કર ગમ કો ઈખ્તિયાર, કે ગુઝરે તો ગમ ન હો

ઉહદની લડાઈમાં મુસલમાનોના પક્ષે ભારે નુકસાન થયું હતું. એટલે ત્યાર પછી અલ્લાહ તઆલાએ કુરઆનમાં ફરમાવ્યું, તમને એક જ વારમાં ઉપરા છાપરી ગમ અને તકલીફો એટલા માટે આપવામાં હવે પછી તમને કોઈ નુકસાન થાય તો તમને અફસોસ ન થાય. એટલે કે એક મોટી મુસીબત અજમાવી લીધા પછી નાની નાની મુસીબતો માણસ સરળ થઈ જાય છે બલકે એને મુસીબત જ સમજવામાં નથી આવતી. ●

# Benefits of Fajr Prayer

Here are some benefits and rejoicing message for those who offer Fajr prayer daily. Every Muslim should keep them in mind, in order to achieve such great benefits and blessings both in this world and in the Hereafter:

Fajr prayer protects us from Satan. Holy Prophet Muhammad (SAW) said: “Whoever offers the Morning Prayer, he is under the protection of Allah, the Mighty and Sublime”(Ibn Majah).

The observance of daily prayers defines belief from disbelief. So it is an essential part of our faith and also Sunnah of our beloved Prophet Muhammad (SAW).

The Fajr prayer provides light and guidance, strength and support, to the human soul and heart.

Those who offer Fajr and Maghrib prayer will not enter into Hell. The thing to consider in this regard is that one does not get expiated from Hell by offering a single Fajr and Maghrib prayer, rather one needs to do it with consistency. There is hadith related to this: “Whoever performs the Prayer before the rising of the sun and the Prayer before its setting will not enter Hell.”(Muslim)

Muslims who pray dawn prayer will be admitted to Paradise. Prophet Muhammad (PBUH) said: “Whoever offers the two prayers (Asr and Fajr) will enter Paradise.” (Bukhari)

Fajr prayer equates positive energy and the presence of the Lord’s angels. Allah Almighty says in the Holy Quran: “Establish prayer at the decline of the sun [from its meridian] until the darkness of the night

and [also] the Quran of dawn. Indeed, the recitation of dawn is ever witnessed" (Quran, 17:78). Early morning sets the tone and energy for the whole day, and by beginning the day in the best possible way.

Fajr prayer teaches us about the importance of time that time is precious. So, we need to use it well and structure our day and make use of it.

The angels witness those who offer Fajr and Asr prayers. The Prophet Muhammad (SAW) said: "Angels come to you in succession by night and day, and they meet at Fajr and Asr prayer. Then those who spent the night among you ascend, and He (Allah) will ask them, although He knows best: 'In what condition did you leave My slaves?' They will say: 'We left them when they were praying and we came to them when they were praying."(Bukhari )

The Prophet (SAW) said: "Two Sunnah cycles of Fajr prayer are better than this world and everything in it."(Muslim)

The one who offers Fajr prayer is directly under the protection of Allah Almighty. Holy Prophet (SAW) said: "Whoever prays the Fajr prayer, he or she is then under Allah's protection. So beware, O son or daughter of Adam, that Allah does not call you to account for being absent from His protection for any reason." (Muslim)

The reward of praying Fajr prayer is greatest. Our beloved Prophet Muhammad (SAW) said: "Whoever prays the morning prayer in congregation then sits remembering Allah until the sun rises, then prays two units of prayer has the reward like that of Hajj and Umrah."(Tirmidhi)

May Allah Almighty give us the strength to offer obligatory prayers regularly. Ameen !

## દુનિયામાં સૌથી શ્રેષ્ઠ માણસ

એક માણસે હઝ. ઉમર રદિ.ને કહયું કે તમારા જેવો સારો માણસ મેં આજ દિન સુધી જોયો નથી. હઝ. ઉમર રદિ.એ એને પૂછયું કે, તું કદી હઝ. અબૂબક્ર રદિ.ને મળ્યો છે ? એણે કહયું કે ના. હઝ. ઉમર રદિ.એ ફરમાવ્યું કે, જો તું હા કહેત, એટલે કે અબૂબક્ર રદિ.ને મળ્યા – જોયા છતાં મને સારો કહેતો હોય તો તને કોરડાથી સજા આપત.

## શુક્ર અને ઇસ્તિગ્ફાર

મોમિન જો નેઅમત અને નેકીમાં હોય તો એણે હમેંશા અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરવા અને શુક્રની તોફીક માંગતા રહેવું જોઈએ. અને જો તકલીફ – ગુનામાં હોય તો અલ્લાહ તઆલાની મગફિરત માંગતા રહેવું જોઈએ.

## મુલાકાતનો ફાયદો

મુલાકાત કરતા રહો. એનાથી દિલની નારાજગી, હસદ વગેરે દૂર થાય છે. એટલે કે નજરો મળવાથી દિલોમાં સુધાર આવે છે. (ઈબ્ને હઝમ)

## નફલ ઇબાદતની આદત

ઈબ્ને તયમિયહ રહ. ફરમાવે છે કે અલ્લાહ તઆલાની ફરજોથી વધારે કંઈક નફલ નેકીની પણ માણસે આદત રાખવી જોઈએ અને એની પાબંદી કરવી જોઈએ. જેમ કે તહજ્જુદ કે ચાશ્ત, કે કોઈ પણ એક વધારે ઈબાદત. અને જયારે આવી કોઈ એક ઈબાદતની આદત બનાવી લેવામાં આવે તો એની પૂરી પાબંદી કરવી જોઈએ. કોઈ મશ્ગૂલી, મજલિસ કે લોકોની મહેફિલના કારણે એને છોડવી નહીં.

## નિખાલસ દોસ્તની તલાશ

અબ્દુલ્લાહ સરખસી રહ. ફરમાવે છે કે મને એકવાર અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક કહેવા લાગ્યા કે, ખુદા ખાતર ભાઈબંધી કરનાર દોસ્તને શોધવામાં હું જેટલો થાકયો છું, બીજા કોઈ કામમાં મને એટલી તકલીફ નથી પડી.

## આસમાનનો રંગ

ઈબ્ને કય્યિમ રહ. ફરમાવે છે કે અલ્લાહ તઆલાએ આસમાનને એમ જ વાદળી રંગનું નથી બનાવ્યું. આંખો માટે એના કરતાં વધારે સહેલો અને હુંફાળો બીજો કોઈ રંગ નથી.

## સાચો દોસ્ત

સાચો દોસ્ત, દોસ્તની પાછળ પાછળ ચાલે છે, અને દોસ્તની કોઈ ભૂલ કે ખરાબી નજર આવે છે તો પગોથી ભૂંસી નાખે છે અને ખૂબી નજર આવે છે તો ખૂબ ચગાવે છે.

## હિફ્જે કુરઆનનો ફાયદો

ઈમામ ઝુફર રહ.એ જીવનના છેલ્લા વરસોમાં બે વરસ મહેનત કરીને કુરઆન શરીફ હિફ્જ કર્યુ. એમની વફાત પછી કોઈએ એમને ખ્વાબમાં જોયા અને હાલ–ચાલ પૂછયા તો કહેવા લાગ્યા, પેલા છેલ્લા બે વરસો ન હોત તો હું બરબાદ થઈ જાત.